સુવિચાર

જે વ્યક્તિ સારું કામ કરે છે તે ક્યારેય આદરનો ભૂખ્યો નથી હોતો, તેનું કામ જ તેને સન્માનને પાત્ર બનાવે છે!

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 218, Dt.27-06-2024 (Thursday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# ૧ જુલાઈથી ત્રણ નવા 'ક્રિમીનલ લો' લાગુ થશે

## ભારતીય ન્યાય સંહિતા સહિત ૩ નવા કાનુન અમલી બનશે : કલમ '૪૨૦'નું સ્થાન લેશે ઈગજ ૩૧૬ : FIRથી લઈને કોર્ટમાં ફેંસલા સુધીની સુનાવણી સંપૂર્ણ ઓનલાઈન



નવી દિલ્હી, તા.૨૭

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ભારતીય ન્યાયિક સંહિતા (BNS) અને ભારતીય પુરાવા અધિનિયમ (BSA) ૧ જુલાઈથી દેશમાં અમલમાં આવશે. આ સાથે આઈપીસી હેઠળ અંગ્રેજો દ્વારા બનાવેલા કાયદાનો અંત આવશે. કેન્દ્ર સરકારે શનિવારે આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ ત્રણેય કાયદાઓને ગયા વર્ષે ૨૧ ડિસેમ્બરે સંસદની મંજૂરી મળી હતી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૨૫ ડિસેમ્બરે તેમની મંજૂરી આપી હતી.

૧ જુલાઈથી, ભારતીય દંડ સંહિતાના સ્થાને ભારતીય ન્યાય સંહિતા, ફોજદારી કાર્યવાહી સંહિતાની જગ્યાએ ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા અને પુરાવા કાયદાની જગ્યાએ ભારતીય પુરાવા અધિનિયમ અમલમાં આવશે. ત્રણેય કાયદાઓનો ઉદ્દેશ્ય વિવિધ ગુનાઓ અને તેમની સજાઓને વ્યાખ્યાયિત કરીને દેશમાં ફોજદારી ન્યાય પ્રણાલીને સંપૂર્ણપણે બદલવાનો છે. આ ત્રણ કાયદા ગયા વર્ષે ૨૦૨૩માં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવ્યા હતા, જે હવે દેશમાં લાગુ કરવામાં આવશે.

૧ જુલાઈથી દેશમાં ત્રણ નવા કાયદા અમલમાં આવશે. આ સાથે, સામાન્ય ભાષામાં IPCના લોકપ્રિય દંતકથાઓ પણ બદલાશે. ઉદાહરણ તરીકે, '૪૨૦' નામ સાંભળીને દરેક નાના-મોટા વ્યક્તિ તેનો અર્થ સમજી ગયા. ૪૨૦ ને લગતી ઘણી ફિલ્મો અને વાર્તાઓ પણ ભૂતકાળ બની જશે. 'મારી સાથે ચારસોવીસી થઈ છે' જેવી ટિપ્પણીઓ હવે અપ્રચલિત થઈ જશે. કારણ કે હવે IPC ૪૨૦ ને બદલે BNS ૩૧૬ હશે. એટલે કે, હવે તમે કહી શકશો કે તેણે 'ત્રણસો સોળ' બનાવી દીધા. મતલબ કે બ્રિટિશ કાળથી બેઈમાની માટે કલંકિત IPC ૪૨૦ ના દાગ ધોવાઈ જશે, હવે BNS '૩૧૬' છેતરપિંડી માટે 'બદનામ' થઈ જશે.

નવા કાયદામાં ડોક્ટરોને કડક સજાથી રક્ષણ આપવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે, BNS ૧૦૬(૧) જણાવે છે કે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરને તબીબી બેદરકારી બદલ બે વર્ષ સુધીની જેલ અને દંડની સજા થશે. તે કહે છે કે કોઈપણ તબીબી પ્રક્રિયા કરતી વખતે ઉતાવળ અથવા બેદરકારીને કારણે મૃત્યુ પામેલા ડોક્ટરો માટે BNSમાં ઓછી સજાની જોગવાઈ છે. આ સાથે, BNSની કલમ ૫૧(૧) (જુઓ.પાનું.૫)

### કાયદામાં આ ફેરફારો ૧ જુલાઈથી થશે

૧. એફઆઈઆરથી લઈને કોર્ટના નિર્ણય સુધીની સુનાવણી સંપૂર્ણપણે ઓનલાઈન હશે.

૨. ઓનલાઈન ફરિયાદ દાખલ કર્યાના ત્રણ દિવસની અંદર એફઆઈઆર નોંધાવવી આવશ્યક છે.

૩. સાત વર્ષથી વધુ સજાપાત્ર તમામ ગુનાઓમાં ફોરેન્સિક તપાસ ફરજિયાત બનાવવામાં આવશે.

૪. જાતીય સતામણીના કિસ્સામાં, ૭ દિવસમાં રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે.

૫. કોર્ટમાં પ્રથમ સુનાવણી પહેલા ૬૦ દિવસની અંદર આરોપો ઘડવાની જોગવાઈ.

૬. ફોજદારી કેસોમાં સુનાવણી પૂર્ણ થયાના ૪૫ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે.

૭. ભાગેડુ ગુનેગારો સામે ૯૦ દિવસમાં કેસ દાખલ કરવાની જોગવાઈ

૮. આતંકવાદ, અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતા ગુનાઓ જેવા ગુનાઓ માટે સજા વધુ કડક બનાવવામાં આવી હતી.

૯. નવા કાયદામાં કોઈપણ ઈરાદા વગર લગ્નનું વચન આપીને છેતરપિંડી કરીને શારીરિક સંબંધ બાંધનારા ગુનેગારો માટે દસ વર્ષ સુધીની જેલ અને દંડની જોગવાઈ હશે.

**સ્પર્શ કરીને પસાર થયું મૃત્યુ!**

# છોકરી વરસાદમાં રીલ બનાવી રહી હતી અને આકાશમાંથી વીજળી પડી



### છોકરી વરસાદમાં નાચી રહી હતી અને રીલ બનાવી રહી હતી ઘરની છત પર આકાશમાંથી વીજળી પડે છે

નવી દિલ્હી : એક છોકરી વરસાદમાં તેના ઘરની છત પર ઉભી હતી અને ઈન્સ્ટાગ્રામ રીલ બનાવી રહી હતી. તે વરસાદની મજા માણી રહી હતી અને કેમેરા સામે હસતી હતી. ત્યારે અચાનક આકાશમાંથી વીજળી પડી અને બાળકી જીવ બચાવવા ઘરની અંદર દોડી ગઈ.

આ ભયંકર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે છોકરી વરસાદમાં ડાન્સ કરી રહી છે અને રીલ બનાવી રહી છે. ત્યારે જ આકાશમાં એક તેજસ્વી ઝબકારો દેખાય (જુઓ.પાનું.૫)

# વીજળી પડતા બિહારમાં ૮નાં મોતઃ સાત જિલ્લાઓમાં ઓરન્જ અને અન્ય સાતમાં યલો એલર્ટ

### રાજસ્થાનમાં વરસાદથી બાલ્કની તૂટતાં બેનાં મોતઃ કેરળમાં ભારે વરસાદ યથાવત

પટણા, તા.૨૭

બિહારના છ જિલ્લાઓમાં વીજળી પડવાને કારણે આઠ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાઓમાં આ મોત થયા છે.

બિહારના મુખ્યપ્રધાન નીતીશકુમારે છેલ્લા ૨૪ કલાકમાં વીજળી પડવાથી આઠ લોકોનાં થયેલા મોત અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતું. મુખ્યપ્રધાનના કાર્યાલયે કરેલી જાહેરાત મુજબ મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

મુખ્યપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર વીજળી પડવાને કારણે ભાગલપુર અને મુંગેર જિલ્લાઓમાં બે-બે, જમુઈ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયામાં એક-એકનું મોત થયું છે.

મુખ્યપ્રધાને ખરાબ હવામાન દરમિયાન ઘરમાં રહેવાની સલાહ આપી છે. આ ઉપરાંત મુખ્યપ્રધાને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની સલાહ અને સૂચનો પણ ધ્યાનમાં લેવા જણાવ્યું છે.

રાજસ્થાનના પાલી જિલ્લામાં વરસાદને કારણે બાલકની તૂટી પડતા ૧૨ વર્ષના છોકરા અને તેની ૬ વર્ષની બહેનનું મોત થયું છે. આ ઘટનામાં અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે તેમ પોલીસે જણાવ્યું હતું.

રાજસ્થાનમાં સૌથી વધુ વરસાદ બાડમેરના સેદવામાં ૭ સેમી નોંધવામાં આવ્યો હતો. ધોલપુરમાં ૬૫ મીમી, ચિત્તોડગઢમાં ૨૭.૮ મિમી વરસાદ પડયો હતો.

કેરળમાં પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક મકાનોને નુકસાન થયું છે, અનેક વૃક્ષો ધરાશયી થયા છે. બીજી તરફ રાજયની નદીઓ અને ડેમમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે.

ભારતીય હવામાન વિભાગે કેરળના સાત જિલ્લાઓમાં ખૂબ જ વધારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી ઓરેન્જ એલર્ટ જારી કરી છે. જયારે સાત જિલ્લાઓમાં



યલો એલર્ટ જારી કરવામાં આવી છે.

દિલ્હીમાં આજે મોટે ભાગે વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડયો હતો. શહેરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્રમાંથી પ્રદેશ ભાજપ પ્રમુખની પસંદગી થઈ શકે



## પ્રદેશના એક નેતાએ સૌરાષ્ટ્રમાં અનેક નેતાઓ સાથે વાત કરીઃ ચૂંટણીમાં પક્ષ વિરોધી કામગીરી કરનાર સામે પગલા લેવાય તેવી ચર્ચા

અમદાવાદ, તા.૨૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ બાદ હવે ગુજરાત ભાજપ અને સરકારમાં કેટલાક અપેક્ષિત ફેરફારોની અટકળો તેજ બની છે એની વચ્ચે આગામી ૪-૫ જુલાઈએ પ્રદેશની વિસ્તૃત કારોબારી બેઠક યોજાનાર છે. ચૂંટણી પછી સંગઠના વિસ્તૃત કાર્યક્રમોને આગળ ધપાવવા તેમજ આગામી સમયમાં આવનારી ચૂંટણીઓને લઈ સરકાર અને સંગઠનને સક્રિય રાખવાના હેતુથી આ બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરી નવા કાર્યક્રમો જાહેર કરવામાં આવશે. જોકે, હવે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તરીકે પદભાર સંભાળ્યો છે ત્યારે એમના સ્થાને પ્રમુખ તરીકે નવા ચહેરાની પસંદગીની સાથોસાથ ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારમાં કેટલાક ફેરફારો પણ હાથ ધરાય એવી ચર્ચાએ જોર પકડ્યું છે.

બે દિવસીય વિસ્તૃત બેઠકમાં કેન્દ્રીય વાણિજય મંત્રી પીયૂષ ગોયેલ વિશેષ ઉપસ્થિત રહેશે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ હાજર રહેશે. આ બેઠક ૪ જુલાઈએ બપોરે ૩ વાગે શરૂ થશે અને ૫ જુલાઈએ સાંજે ૫ વાગે પૂરી થશે.ભાજપના જાણકાર સૂત્રોના કહેવા પ્રમાણે, વિસ્તૃત કારોબારી બેઠક લોકસભા અને વિધાનસભા ચૂંટણી પૂર્વે તથા એના પછી યોજાતી હોય છે એના ભાગરૂપે જ યોજાનાર છે. આ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, તમામ રાષ્ટ્રીય મોરચના હોદ્દેદારો, તમામ પ્રદેશ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓ, પ્રદેશ સેલના સંયોજકો, પ્રદેશ વિભાગના સંયોજકો, પ્રદેશ કારોબારી સભ્યો અને આમંત્રિત, વિશેષ આમંત્રિત સભ્યો, જિલ્લા, મહાનગરોના પ્રભારીઓ, જિલ્લા, મહાનગરોના પક્ષના પ્રમુખ-મહામંત્રીઓ, રાજયસભા અને લોકસભાના સભ્યો, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ અને મહાનગરોના મેયરો, જિલ્લા, મહાનગરોના મંડલ પ્રમુખો એમ પંદર સ્તરના કાર્યકરો આ બેઠકમાં હાજરી આપશે.

લોકસભા ચૂંટણી બાદ દેશમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન મોદીના નેતૃત્ત્વમાં ત્રીજી વખત દેશની શાસન ધૂરા સંભાળવા બદલ વડાપ્રધાનને અભિનંદન આપતો પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થશે. આ ઉપરાંત આગામી સમયમાં વૃક્ષારોપણ, હેલ્થ કેમ્પ સહિતના જનતા સાથે સંપર્કમાં રહેવા માટેના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાશે. વડાપ્રધાન મોદીએ લોકસભાના પરિણામો બાદ પોતાના સંબોધનમાં પ્રત્યેક જનપ્રતિનિધિ સહિતના કાર્યકરોને સતત જનતાના સંપર્કમાં રહેવા અને એમની સમસ્યાઓના ઉકેલ માટે સક્રિય રહેવા આહવાન કર્યુ હતું તેના અંગે પિયુષ ગોયેલ માર્ગદર્શન આપશે.

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ આગામી કાર્યક્રમોની ચર્ચા કરવા તથા સંગઠન-સરકારની દિશાદર્શન માટે વિસ્તૃત કારોબારી માટે અગાઉ ૩ જુલાઈના રોજ બેઠક યોજવા માટે તૈયારી કરાવામાં આવી હતી, પરંતુ હવે ૪-૫ જુલાઈ એમ બે દિવસની કારોબારી રાખવામાં આવી છે.

# સોનાના ૧૦ ગ્રામના ૨૪ કેરેટનાં રૂ.૭૨૦૪૦, ૨૨ કેરેટના રૂ.૬૬૦૪૦

### અમદાવાદ, સુરત, વડોદરા સહીતના શહેરોમાં સોનાના ભાવમાં વધઘટ

અમદાવાદ, તા., ૨૭

આજે દેશમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ઈ ૬૫,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૧,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. આજે ૨૭ જૂનના રોજ દેશના વિવિધ શહેરોમાં સોનાના ભાવ અમદાવાદમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૬,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૨,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

સુરતમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૬,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા.૭૨,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. વડોદરામાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૬,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૨,૦૪૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. મુંબઈમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૫,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૧,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

દિલ્હીમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૬,૧૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૨,૧૪૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. ચેન્નાઈમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૬,૫૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૨,૬૫૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા.૬૫,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૧,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. બેંગલુરૂમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂા. ૬૫,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાની કિંમત રૂા. ૭૧,૯૯૦ પ્રતિ ૧૦ ગ્રામ છે.

# અડવાણીની તબિયત લથડી



### દિલ્હીના AIIMSમાં દાખલ

નવી દિલ્હી, તા.૨૭

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ ઉપ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીની તબિયત બગડતાં તેમને દિલ્હીના AIIMS હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર તેમને ઉંમર સંબંધિત સમસ્યાઓને કારણે હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા છે. તેમને AIIMS ના જિરિયાટ્રિક ડિપાર્ટમેન્ટ (વૃધ્ધોની સારવારનો વિભાગ) ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

જોકે ૯૬ વર્ષીય લાલકૃષ્ણ અડવાણી ઉંમર સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એટલા માટે તેમનું સમયાંતરે ઘરે જ ચેકઅપ કરવામાં આવે છે. બુધવારે મોડી સાંજે તેમને થોડી સમસ્યા અનુભવાતા તેમને તાત્કાલિક AIIMS માં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને પોતાની દેખરેખમાં દાખલ કર્યા હતા.

# દ્વારકા પંથકમાં વધુ ૨૧ કરોડના ડ્રગ્સના પેકેટો પકડાયાઃ તપાસ

### કલ્યાણપુરના નાવદ્રા ગામના શખ્સના ઝૂંપડામાં દરોડો પાડી ચરસના ૪૦ પેકેટો કબ્જે કરતી પોલીસઃ આરોપીની ધરપકડ



જામ ખંભાળિયા, તા.૨૭

દેવભૂમિ દ્વારકામાં છેલ્લા કેટલાક દિવસોથી સમયાંતરે દરિયા કાંઠાના વિસ્તારોમાંથી ડ્રગ્સના પેકેટો મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે મંગળવારે કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામના રહીશ એવા એક આસામીના રહેણાંક મકાનમાંથી ૪૦ જેટલા પેકેટ ચરસનો જથ્થો પોલીસને સાંપડ્યો છે. ૪૨ કિલોથી વધુ વજનના આ ચરસની કિંમત રૂપિયા ૨૧.૦૬ કરોડ ગણવામાં આવી છે.

આ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા તથા સ્ટાફ દ્વારા કલ્યાણપુર પંથકમાં ગ્રામ્ય વિસ્તારોના સ્થાનિક રહીશો સાથે કરવામાં આવી રહેલી મીટીંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર નજીક આવેલા નાવદ્રા ગામની બહારના વિસ્તારમાં રહેતા દેવશી રાજાભાઈ વાઘેલા નામના શખ્સના રહેણાંક ઝુંપડામાં દરોડો પાડી અને ઘરમાં ખાટલા નીચે છુપાવીને રાખવામાં આવેલા ચરસના ૪૦ પેકેટ કબજે કર્યા હતા.

જે અંગેની તપાસણીમાં રૂપિયા ૨૧,૦૬,૭૫,૦૦૦ની કિંમત ધરાવતા ૪૨.૧૩૫ કિલોગ્રામ ચરસનો આ જથ્થો પોલીસે કબજે લઈ, ઉપરોક્ત શખ્સ સામે નાર્કોટિક (જુઓ.પાનું.૫)

# રાજકોટમાં કાલે વોર્ડ નં.૧૧, ૧૨ માં પાણીકાપ

## વાવડી હેડવર્કસ હેઠળ, ગુરૂકુળ હેડ વર્કસ, ઢેબરરોડ, નારાયણનગર તથા સ્વાતીપાર્ક હેડવર્કસનાં વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશેઃ મનપા તંત્રની સતાવાર જાહેરાત



## શનિવારે વોર્ડ નં.૭, ૧૪, ૧૭ અને ૧૮નાં અનેક વિસ્તારોમાં પાણીકાપ

રાજકોટ તા.૨૭ ભાદર યોજના આધારીત ભાદર ડેમ થી રીબડા ફિલ્ટર પ્લાન્ટ સુધીની પાઇપલાઈન ઘણીજ જૂની હોવાના કારણે અલગ-અલગ સ્થળ પર લીકેજ રીપેરીંગ કામગીરી હાથ ધરવાની હોય, તા.૨૮ શુક્રવારના રોજ વાવડી હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૧(પાર્ટ),૧૨(પાર્ટ)) તથા તા.૨૯ શનીવારનાં રોજ ગુરૂકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો પૈકીના ઢેબરરોડના (વોર્ડ નં.૭ પાર્ટ,૧૪ પાર્ટ,૧૭ પાર્ટ), નારાયણનગર હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૮(પાર્ટ)) તથા સ્વાતીપાર્ક હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૮(પાર્ટ)) માં પાણી વિતરણ બંધ રહેશે તેમ મનપાના વોટર વર્કસ વિભાગે સત્તાવાર જાહેરાત કરી છે.વિસ્તારોની યાદી - પાણી વિતરણ બંધ રહેવાની તારીખઃ- ૨૮-૦૬ ૪ વાવડી હેડવર્કસ આધારિત વિસ્તારો **WZ** ૧૧-પાર્ટ અંબિકાટાઉનશીપ-પાર્ટ ૧૨-પાર્ટ વાવડી ગામ, વિશ્વકર્મા સોસા., મધુવન સોસા., ગોવિંદરત્ન, જે.કે.સાગર, વૃંદાવનવાટીકા, આકાર હાઈટસ, પુનિત પાર્ક, અંબિકા ટાઉનશીપ વિગેરે સોસા.વિસ્તારોની યાદી - પાણી વિતરણ બંધ રહેવાની તારીખઃ- ૨૯-૦૬

૧ ગુરૂકુળ આધારિત ઢેબર રોડ સાઈડનાં આધારિત વિસ્તારો **CZ** ૭-પાર્ટ ભક્તિનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, લોહાનગર, ઉદ્યોગ નગર તથા વિગેરે.

૧૪-પાર્ટ વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભક્તિનગર, ઢોલરીયાનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોની (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), મયુર પાર્ક, પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ), મધુરમ પાર્ક, ગુલાબ નગર, અમૃત પાર્ક.

૧૭-પાર્ટ નારાયણ નગર ભાગ-૧,૨, નારાયણ નગર મફતિયું, ઢેબર કોલોની ભાગ-૧,૨,૩, હસનવાડી ભાગ-૧,૨, વાલકેશ્વર સોસાયટી, શ્રીનગર, સાધના સોસાયટી, ઇન્દીરાનગર ૧,૨, મેઘાણીનગર, ન્યુ મેઘાણીનગર, આશીર્વાદ સોસાયટી, ગુરુજન સોસાયટી, ગીતાંજલી સોસાયટી, અવંતિકા સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચા વાળો ભાગ.

૨ નારાયણનગર આધારિત વિસ્તારો **EZ** ૧૮ પાર્ટ ખોડીયારનગર, હીંગળાજનગર, હરીદ્વાર-૧, હરીદ્વાર-૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, નારયણનગર, ચંદ્રેશનગર, મચ્છોનગર, શીતળાધાર, રેઇલવે બોર્ડ ક્વાટર્સ, શુભમપાર્ક, સીતારામ સોસાયટી, સોલ્વંટ ક્વાટર્સ,

૩ સ્વાતીપાર્ક આધારિત વિસ્તારો **EZ** ૧૮ પાર્ટ ગુલાબનગર,સોમનાથ ઇંડસ્ટ્રીઝ, ઈશ્વરપાર્ક, શ્રદ્ધાપાર્ક, શિવપાર્ક, મંગલપાર્ક, રાધાપાર્ક,આદર્શપાર્ક, શ્યામપાર્ક, રામેશ્વર રેસીડેંસી, રેઈનબો રેસીડેંસી, જયપાર્ક, શિવ સાગરપાર્ક, સુરભી રેસીડેંસી, જયરામપાર્ક, મયુર પાર્ક, સિલ્વર રેસીડેંસી, ખોડલધામ, સુરભી રેસીડેંસી, શ્યામકિરણ સોસાયટી, આદર્શ ગ્રીન, આદર્શ શિવાલય, આદર્શ શિવાલય-૨, શનપાર્ક, પ્રમુખરાજ સોસાયટી, ગધાધરપાર્ક, શિવ સાગર પાર્ક, શ્રી રામ વાટીકા, ગોલ્ડન રેસીડેંસી, સત્યમપાર્ક, સુંદરમપાર્ક, નવું રાધેશ્યામ પાર્ક, આસોપાલવ વાટીકા વગેરેનો સમાવેશ થાય છે.

# અમુક પરિવારોના જીદી વલણથી દલિત સમાજને થતું નુકશાન રોકવા સંસ્થાની રચના કરાઇ



દલિત સેવા સંસ્થાન, (દલિત પંચાયત)ના ડો. ધિરેન ધીવાલા,દેવસીભાઈ દાફળા,દિલીપભાઈ નગવાડીયા,માધુભાઈ ગોહેલ,બીપીનચંદ્ર રાઠોડ,શાન્તાબેન મકવાણા,હંસાબેન ધમ્મર,ઈલાબેન ચંદ્રપાલ સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે પધારેલ હતા

**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

સમગ્ર રાજકોટ શહેર અને જિલ્લા ભરતા દલિત સમાજમાં પ્રવર્તી રહેલ સામાજિક સમસ્યા થકી કૌટુંબિક ભાવના લુપ્ત થતી જાય છે. સંયુક્ત કુટુંબની ભાવના ભાંગતી જાય છે. સમાજ વેરવિખેર થઈ રહયો છે. તેવા સમયમાં સમાજમાં ફેલાયેલ લગ્ન સમસ્યા, વિચ્છેદ સમસ્યા, કોર્ટ-કચેરી, ખાધા ખોરાકી, ભરણ-પોષણ, છૂટાછેડા, પોલીસ કેસ જેવા કાર્યથી ભાવિ બાળકો નિરાધાર બની જાય છે. તેઓનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. ભણતર, સંસ્કાર, સમસ્યા, ઉછેર સમસ્યા વિગેરે આજના સમયમાં વિકરાળ અજગર મોઢું ફાડીને બેઠો છે તે માટે તંદુરસ્ત સંબંધોની સચ્ચાઈ માટે વડીલો, આગેવાનો, સમાજ સુધારકો પોતાની બુધ્ધિમતાનો ઉપયોગ કરીને આવી પરિસ્થિતિને ડામવામાં આવે એ માટે એક નવું સંગઠનરૂપી દલિત સેવા સંસ્થાન, (દલિત પંચાયત) ની સ્થાપના કરેલ છે. જેમાં પુખ્તવયના દિકરા-દિકરીઓના વેવિશાળ, લગ્ન સંબંધો, પુખ્ત સમજણથી વડીલો, બુધ્ધિજીવીઓ, સમાજ સુધારકો દ્વારા લગ્ન વિશે આ મુજબની સમસ્યાને નેસ્તનાબુદ કરવાની નેમ ધરાવે છે. જેથી કુરિવાજો, અંધશ્રદધા, ખોટા દેખાડા વિગેરે ખોટા ખર્ચ ઉપર બાન મુકવાની પેરવી કરશે. અમુક પરિવારોના જીદી વલણથી દલિત સમાજને થતું નુકશાન રોકવા રમાબાઈ આંબેડકર સેવા સંસ્થાન નામની દલિત પંચાયતની રચના કરવામાં આવે છે. તેમ જણાવ્યું છે.

### એન્જલ પંપના કિરીટ આવોજાને વર્લ્ડબુક ઓફ રેકોર્ડ્સ દ્વારા

# ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ એનાયત કરાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

મૂળ મોરબી પંથકના વતની કડવા પટેલ સમાજના યુવા અગ્રણી સિરામિક, બાંધકામ, પંપ, જમીન મકાન, પાઈપ, કેબલ સહિતના ઉદ્યોગો સાથે જોડાયેલ અને શહેરની અનેક સેવા સંસ્થાઓમાં સક્રિય તન-મન-ધનથી યોગદાન આપતા રાજકોટના સફળ યુવા ઉદ્યોગપતિ અને એન્જલ પંપ ના મેનેજીંગ ડીરેક્ટર કિરીટ આદ્રોજાને લંડન સ્થિત વર્લ્ડબુક ઓફ રેકોડ્સ દ્વારા ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ દ્વારા પ્રતિ વર્ષ દેશ અને દુનિયાના વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓને ઈન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ આપવામાં આવે છે જે અંતર્ગત વર્ષ ૨૦૨૪ના એવોર્ડ માટે રાજકોટના ગૌરવ સમા કિરીટ આદ્રોજાની પસંદગી થઇ છે. આગામી તારીખ ૧૮ જુલાઇ નારોજ લંડનના હાઉસ ઓફ કોમન્સ (બ્રિટીસ પાર્લામેન્ટ) ના ચર્ચિલ હોલમાં સોજના ૬:૩૦ વાગે વિશ્વભરના નામાંકિત અતિથિઓની ઉપસ્થિતિમાં આ એવોર્ડ અર્પણ કરવામાં આવનાર છે ત્યારે રાજકોટ ના ઉદ્યોગ જગતમાં હરખની હેલી પ્રવર્તી રહી છે.

રાજકોટની દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ, સરગમ કલબ, સદભાવના વૃધ્ધાશ્રમ, ઉમિયા માતાજી મંદિર સીદસર, મેટોડા જીઆઈડીસી, આણંદાબાવા સેવા સંસ્થાન જામનગર, સહિતની અનેક સેવા સંસ્થાઓના સારથી કિરીટ આદ્રોજા એક સફળ ઉદ્યોગપતિની સાથે ઉમદા મળવા જેવા માનવી છે. રાજકોટ સૌરાષ્ટ્ર ના સેવા જગતમાં આદ્રોજા પરિવારનું બહુમુલ્ય યોગદાન રહેલ છે મારૂ એ બધું મારુ નહિ થોડું સમાજને પણ અર્પણ એવી ઉમદા ભાવના સાથે કાર્યરત આદ્રોજા પરિવારના મોભી શિવલાલભાઈ આદ્રોજા, અશ્વિનભાઈ આદ્રોજા, જીનેશભાઈ આદ્રોજાના નેતૃત્વ હેઠળ પોતાનો વ્યવસાય દેશ વિદેશમાં વિસ્તાર્યો છે. ભારતના અનેક રાજ્યોમાં પોતાની વ્યવસાયિક શાખ ઉભી કરી છે અને દેશના સીમાડા ઓળંગી એક્ષપોર્ટર તરીકે નામના મેળવી છે. અત્રે ઉલેખનીય છે કે એન્જલ પંપની બ્રાંડને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલ છે આ ઉપરાંત પરિવારને અનેક નાના મોટા એવોર્ડ થી નવાજવામાં આવેલ છે.આગામી તારીખ ૧૮ જુલાયના રોજ વર્લ્ડબુક ઓફ રેકોડ્ર્સ દ્વારા બ્રિટીસ પાર્લામેન્ટમાં યોજાયેલ પન્ટરનેશનલ એક્સલન્સી એવોર્ડ સમારંભમાં એવોર્ડ સ્વીકારવા માટે કિરીટ આદ્રોજા અને તેમના પત્ની વર્ષાબેન આદ્રોજા લંડન જઈ રહ્યા છે ત્યારે આણંદાબાવા સેવા સંસ્થાન જામનગરના ગાદીપતિ પૂજ્ય દેવપ્રસાદ સ્વામી અને સમગ્ર આદ્રોજા પરિવારના આશીર્વાદ પ્રાપ્ત થયા છે તેમજ કિરીટ આદ્રોજાના વિવિધ ક્ષેત્રના સ્વજનો જેરામભાઈ વાંસજાળીયા, શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશી, નાથાભાઈ કાલરીયા, મૌલેશભાઈ પટેલ, વલ્લભભાઈ વડાલીયા, બાબુભાઈ ઘોડાસરા, ફિલ્ડમાર્સલ ગ્રુપના નીતિનભાઈ પટેલ, તેમજ દીકારનું ઘર વૃદ્ધાશ્રમ પરિવારના પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, નીદતભાઈ બારોટ, અનુપમ દોશી, સુનિલ વોરા, નલીન તન્ના, હસુભાઈ રાચ્છ તરફથી શુભેચ્છાઓ પાઠવેલ છે, તેમજ ઉદ્યોગજગત તરફ થી કિરીટ આદ્રોજાના ૯૮૨૪૨૮૪૪૦૪ મોબાઈલ નંબર પર શુભકામનાઓ વરસી રહી છે.તેમ જણાવ્યુ છે.

# સનવેલી સિટી કેલિફોર્નિયા હાઉસ દ્વારા જૈન આચાર્ય લોકેશજીનું સન્માન કરાયુ




**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

જૈન આચાર્ય ડો. લોકેશજી 'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર' સ્થાપકને સનવેલી કેલિફોર્નિયા સિટીનાં ડેપ્યુટી મેયર દ્વારા શાંતિ, સાંપ્રદાયિક સંવાદિતા અને માનવીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટેના તેમના સમર્પણ બદલ સન્માનિત કરવામાં આવ્યા છે.

પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ આચાર્ય લોકેશજીએ સન્માન સ્વીકારતાં કહ્યું હતું કે, વર્તમાન સમયમાં સમાજમાં શાંતિ, સૌહાર્દ અને અહિંસા જરૂરી છે. જ્યારે વિશ્વની વસ્તી યુદ્ધ, હિંસા, જળવાયુ પરિવર્તન, અસમાનતા જેવી સમસ્યાઓનો સામનો કરી રહી છે ત્યારે માનવીય મૂલ્યો પર કામ કરવાની જરૂર છે. જનપ્રતિનિધિઓ, ધર્મગુરુઓ અને સમાજસેવકો સાથે મળીને કામ કરે તો વિશ્વનું કલ્યાણ શક્ય છે.

આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ વર્લ્ડ પીસ સેન્ટર વિશે જણાવ્યું જે દિલ્હી એનસીઆર, ઈન્ડિયા અને ન્યુ જર્સી, યુએસએમાં વિકસાવવ-ામાં આવી રહ્યું છે. 'વિશ્વ શાંતિ કેન્દ્ર' દ્વારા માનવ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન, શાંતિ, સંવાદિતા અને અહિંસા માટે કાર્ય કરવામાં આવશે.

આચાર્યનું સન્માન કરતાં ડેપ્યુટી મેયરે જણાવ્યું હતું કે, આચાર્ય ડો. લોકેશજીએ સમાજમાં સામાજિક સુધારણા, અહિંસા અને પરસ્પર સહકાર સ્થાપિત કરવા માટે અથાક મહેનત કરી છે, શાંતિ શિક્ષણ ક્ષેત્રે તેમનું યોગદાન અનન્ય છે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ બિડેનના સલાહકાર અજય ભુતોરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે કહ્યું કે પરમ પવિત્ર આચાર્ય લોકેશજીએ સમગ્ર વિશ્વમાં ભારતીયોને ગૌરવ અપાવ્યું છે.

# શહેરમા ૬.૨૪ કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## ગંદકી કરતા લોકો પાસેથી રૂ.૨૨,૨૦૦નો વહીવટી ચાર્જ વસુલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૭૨ આસામીઓ પાસેથી ૬.૨૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૨,૨૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૨.૫૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૫૫૦નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૦ આસામીઓ પાસેથી ૨.૯૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૩૦૦નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭આસામીઓ પાસેથી ૦.૭૫કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથીરૂ.૧૦૩૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.તેમ જણાવ્યુ છે.

# રાજુલાની મહિલા કોલેજ ખાતે મોબાઇલ એપ્લિકેશનનું લોન્ચિંગ કરાયું



**(ધર્મેશ મહેતા દ્વારા)**

રાજુલા તા.૨૭

રાજુલા શહેરમાં આવેલ શ્રીમતિ એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજની મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગ સમારોહ યોજાયો હતો. સૌપ્રથમ પધારેલા મહેમાનોના વરદહસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કરાયો હતો. તેમજ પધારેલા તમામ મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યું. જેમા કોલેજની મોબાઇલ એપ્લિકેશન લોન્ચિં કરવામા આવી હતી. આ એપ્લિકેશન લોન્ચિંગ થતાની સાથે વિધાર્થીઓમાં ખૂબજ આનંદ જોવા મળ્યો હતો. આજે મહિલા કોલેજની સુવિધાઓમાં વધુ એક વધારો કરવામા આવ્યો છે. આ મોબાઇલ એપ્લિકેશનમાં વિધાર્થીઓના વાલી-વિધાર્થી, કોલેજની ઓનલાઇન સાથે તમામ માહિતીઓ મેળવી શકશે તેમજ એપ્લિકેશનમાં વિધાર્થીઓની અભ્યાસને લાગતા તમામ મટીરીયલ્સ, હાજરી, ટેસ્ટ, અસાઇમેનટ સહિતની વિવિધ માહિતીઓ એપ્લિકેશન મારફતે મેળવી શકે તેવા હેતુથી એપ્લિકેશન લોન્ચિં કરાઇ છે. ખાસ આ કાર્યક્રમમાં કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઇ વાજાએ સુંદર રીતે કોલેજની ઓનલાઇન એપ્લિકેશનની તમામ માહીતીઓ વિધાર્થી બહેનોને આપવામા આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કૃપાબેન ધુમડીયા દ્વારા કરવામા આવેલ. આ તકે કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવીભાઇ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીજ્ઞેશભાઇ વાજા, આચાર્ય ડો. રીટાબેન રાવળ, રાજુલા પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલ ભારતીબેન પરમાર તથા હેતલબેન ધાખડા તેમજ કોલેજની વિધાર્થીની બહેનો, સ્ટાફગણ સહિત મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

## તંત્રી લેખ

# ગ્રીષ્મના પડછાયા...

આ વરસે પહેલીવાર હિમાલયનો પ્રભાવ ઘટયો છે. એને કારણે સમગ્ર ઉત્તર ભારતને પહેલીવાર સૂરજની અગનઝાળ સહન કરવાનો વારો આવ્યો છે. સમગ્ર વિશ્વના ખગોળશાસ્ત્રીઓ દાયકાઓથી ચેતવણી આપી રહ્યા છે કે પૃથ્વીનું વાતાવરણ ઝડપથી બગડી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ એવાં કારણો પણ સમજાવ્યાં છે શેના શેના કારણે પૃથ્વીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અને શેના કારણે ચક્રવાતી તોફાનો અને અતિશય વરસાદ અથવા દુષ્કાળની આવૃત્તિ વધી રહી છે. પરંતુ ન તો વિશ્વની રાજકીય નેતાગીરીએ આ અંગે પુરતી ગંભીરતા દાખવી છે કે ન તો વિશેષાધિકૃત વસ્તી સંવેદનશીલ બની છે. વિકસિત દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સતત પગલાં લઈ રહ્યા છે અને સ્થિતિ એવી છે કે માત્ર એક વર્ષ પહેલાં જ સંયુક્ત રાષ્ટ્રસંઘે કહ્યું હતું કે ૧૯૯૭ અને ૨૦૨૨ વચ્ચે માત્ર યુરોપના ગ્લેશિયર્સમાં લગભગ ૮૮૦ ક્યુબિક કિલોમીટર બરફ પીગળી ગયો છે.

ઉત્તર ભારતમાં જ્યારે ૪૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર તાપમાન પહોંચી ગયું છે અને હવામાન વિભાગ ગરમીના રેકોર્ડ તૂટશે તેવી જાહેરાત કરી રહ્યું છે, તે જ સમયે, ઉત્તર-પૂર્વ સિક્કિમમાં મુશળધાર વરસાદથી થયેલા ભૂસ્ખલનને કારણે લગભગ બે હજાર પ્રવાસીઓને 'એરલિફ્ટ' કરવાનો સમય આવી પડયો હતો. ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૦ ને નુકસાન થવાને કારણે બંગાળ અને સિક્કિમનો રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ છે. એક તરફ અસહ્ય ગરમીને કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે, તો બીજી તરફ ભૂસ્ખલનને કારણે લોકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલો છે.વહીવટી તંત્રની પરીક્ષા એટલા માટે કે પાણી અને વીજળીનો અવિરત પુરવઠો એ તમામ રાજ્ય સરકારો સામે એક મોટો પડકાર બની ગયો છે, અને શહેરીજનોની કસોટી એ અર્થમાં કે આપણે ચોમાસાની ધીરજપૂર્વક રાહ જોઈને પર્યાવરણને વધુ ન બગાડવાના શું  કોઈ પાઠ શીખ્યા છીએ? જોકે ઉત્તર ભારત ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેની ઝડપ પર નજીકથી નજર રાખી રહેલા હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ મહિનાના અંતમાં ઉત્તર ભારતીય રાજ્યોમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય થયા પછી જ ગરમીમાંથી રાહત મળશે. અલબત્ત, તે પહેલાં હળવા વરસાદથી રાહત મળી શકે છે. આ વર્ષે સારા ચોમાસાની આગાહી ખેડૂતો માટે સારા સમાચાર છે, ત્યારે તે ફરી એકવાર શહેરી સંસ્થાઓના પ્રેક્ટિશનરોની કસોટી કરશે. દેશ વર્ષોથી સ્માર્ટ સિટીનું સપનું જોઈ રહ્યો છે. પરંતુ કમનસીબે, આપણાં શહેરો માત્ર પાણી ભરાવા અને લાંબા ટ્રાફિક જામ માટે હેડલાઈન્સમાં રહે છે. તેવી જ રીતે, મકાન બાંધકામ વિભાગે પણ શહેરોમાં જર્જરિત ઈમારતોની ઓળખ કરવી જોઈએ અને જરૂરી સાવચેતીનાં પગલાં લેવાં જોઈએ. જોકે ખરાબ હવામાનથી ગરીબ લોકો સૌથી વધુ પ્રભાવિત થાય છે, શનિ-રવિના દિવસે કોંક્રીટનાં શહેરી જંગલોમાંથી પહાડો તરફ ભાગી જનારાઓ માટે બહુ રાહત નથી, કારણ કે મસૂરી, દેહરાદૂન જેવાં સ્થળો પણ હવે તપવા લાગ્યા છે.

આ વર્ષની ગરમીને લઈને છેલ્લા ઘણા મહિનાઓથી જે સંકટનું સ્તર અનુમાન કરવામાં આવી રહ્યું હતું તે ફળીભૂત થઈ રહ્યું છે. દિલ્હીમાં તીવ્ર ગરમીનાં મોજાંને કારણે વીસથી વધુ લોકોનાં મોત થયાના સમાચાર છે અને આ સંખ્યામાં વધારો થવાની દહેશત છે. સૂર્યની ગરમી સહન કરવાની મર્યાદા વટાવી ગયા બાદ જે લોકો બીમાર પડીને હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે તે દર્શાવે છે કે આ ગરમી તેમના પર છેલ્લા ઘણા સમયથી વધુ અસર કરી રહી છે. આ વખતે દેશભરમાં જે તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે તે ચિંતાજનક છે, પરંતુ દિલ્હીમાં લઘુત્તમ તાપમાને છેલ્લા પંચાવન વર્ષનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.એક તરફ અનેક લોકો એવા છે કે જેઓ જીવલેણ તાપ વચ્ચે પણ જીવન ગુજરાન ચલાવવા મજબૂર બન્યા છે.

# ઉપલેટા નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસરનો ઘેરાવ કરતી મહીલાઓ

## ઉપલેટા શહેરના વોર્ડ નંબર-૦૨ દ્વારકાધીશ વિસ્તારમાં સ્થાનિક સમસ્યાથી એક વર્ષથી પીડાઇ રહેલ મહિલાઓ રણચંડી બનીને રજુઆત કરી








**(આશિષ લાલકિયા દ્વારા)**

ઉપલેટા તા.૨૭

ઉપલેટા શહેરના વોર્ડ નંબર-૦૨ માં આવેલ દ્વારકાધીશ વિસ્તારમાં રહેતી મહિલાઓએ તેમના રહેણાંક વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટમાં છેલ્લા એક વર્ષથી ઉપલેટા નગરપાલિકા કચેરી દ્વારા ઠલવવામાં આવેલ કાટમાળ હટાવવા માટેની લેખિત તેમજ અનેક મૌખિક ફરિયાદો કરી હતી ત્યારે આ ફરિયાદનું છેલ્લા એક વર્ષથી કોઈ પણ પ્રકારનું નિવાળો નહીં આવતા અને અનેક વખત મૌખિક ફરિયાદો કરવા છતાં તંત્ર કામ કરવાની તસ્દી ના લેતા મહિલાઓ રોસે ભરાઈ હતી અને ઉપલેટા નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસરને ફરિયાદ કરવા પહોંચી હતી ત્યારે ફરિયાદ કરવા આવેલી મહિલાઓ અને ચીફ ઓફિસર વચ્ચે તુ તુ મે મેં જેવા દ્રશ્યો પણ સર્જાયા હતા ત્યારે એક વર્ષથી પીડાઈ રહેલી મહિલાઓની ફરિયાદમાં લાજવાને બદલે ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર ગાજવા લાગ્યા હતા ત્યારે મહિલાઓએ જણાવ્યું હતું કે અધિકારી પોતાની ભૂલને લઈને લાજવાને બદલે ગાજી રહ્યા હતા અને તેઓની ફરિયાદ યોગ્ય રીતે સાંભળતા ન હોવાની પણ મહિલાઓએ ફરિયાદ કરી છે.

ઉપલેટા શહેરના દ્વારકાધીશ વિસ્તારમાં રહેતી મહિલાઓએ મીડિયામાં પાસે પોતાની વ્યથા ઠાલવતાં જણાવ્યું હતું કે, તેમના વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી સાર્વજનિક પ્લોટમાં ઉપલેટા નગરપાલિકા દ્વારા કાટમાળ ઠલવી દેવાયો છે. આ કાટમાળના કારણે ત્યાં અનેક જીવજંતુઓ ઉદ્ભવી રહ્યા છે અને આ જીવજંતુઓના કારણે તેમના બાળકોને તેમજ તેમને જીવનું જોખમ ઊભું થાય છે અને સાથે અહિયાં ગંદકીના કારણે બીમારીઓનો સામનો કરવો પડે છે ત્યારે આ સમસ્યા અને તેમને પડતી તકલીફો અંગે તેમના દ્વારા અગાઉ અનેક લેખિત ફરિયાદો કરવામાં આવી હતી જો કે આ લેખિત ફરિયાદો તેમજ મૌખિક ફરિયાદોનું કોઈપણ પ્રકારનું નિવેડો કે નિકાલ નહીં થતા અંતે મહિલાઓ વરસાદ પડતાની સાથે રોસે ભરાઈ હતી અને રણચંડી બની ઉપલેટા નગરપાલિકા કચેરી ખાતે સમગ્ર બાબતે ફરિયાદ કરવા પહોંચી હતી. અહિયાં ફરિયાદ અંગે એક વર્ષથી પીડાતી મહિલાઓની વ્યથામાં જવાબદાર તંત્રના અધિકારી એવા ચીફ ઓફિસર નીલમ એસ. ઘેટીયા મહિલાઓ સામે ગાજ્યા હતા જેથી મહિલાઓ અને ચીફ ઓફિસર વચ્ચે તું તું મે મે ના પણ દ્રશ્યો સર્જાયા હતા.

ઉપલેટામાં છેલ્લા ઘણા સમયથી ઉપલેટા નગરપાલિકા તંત્રની કામગીરી અંધેરી નગરી અને ગંડુ રાજ જેવી હોય તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી છે. અહિયાં થોડા સમય પહેલા જ ઉપલેટા નગરપાલિકા કચેરીની પ્રી-મોન્સુન કામગીરી યોગ્ય ન થતી હોય તેવી ફરિયાદો ઉઠવા પામી હતી

ઉપલેટામાં છેલ્લા એક વર્ષથી પીડાતી મહિલાઓની ફરિયાદ સાંભળવા અને તેમની રજૂઆત સાંભળવા આવેલ મીડિયા સામે પોતાની ક્ષતિઓ અને લોલમ લોલ કામગીરીઓ ખૂલે નહીં તે માટે રોષ સાથે મીડિયા પ્રતિનિધિઓની હકલપટ્ટી ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા કરવામાં માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો જો કે આ બાબતે મીડિયા પ્રતિનિધિઓ દ્વારા પણ વળતો જવાબ આપવામાં આવ્યો હતો અને ત્યારે જ ફરિયાદ કરવા આવેલ મહિલાઓએ ચીફ ઓફિસરને પણ સારા એવા તતડાવ્યા હતા અને મહિલાઓની સમસ્યા અને તેમની રજૂઆતનું કોઈ પણ નિરાકરણ નહીં આવતા મહિલાઓ રણચંડી બની છે ત્યારે મહિલાઓએ જણાવ્યું હ્યુ કે, જો આગામી દિવસોમાં અમારી એક વર્ષથી ચાલતી સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો અમે વધુ ઉગ્ર આંદોલન અને આગામી કાર્યક્રમો કરશું તેવી પણ મહિલાઓએ ચીમકી ઉચ્ચારી છે.

# મહંતસ્વામી મહારાજના સેવકોએ સ્વામીશ્રીના ગુણોની સરવાણી વહાવી





**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

કાલાવડ રોડ પર આવેલ પ્રમુખસ્વામી સભાગૃહમાં મંગલ પ્રભાતે ૬ થી ૮ દરમિયાન પ.પૂ.મહંતસ્વામી મહારાજના પ્રાતઃપૂજા દર્શન માટે હરિભક્તોની ભીડ ઉમટી પડે છે. વહેલી સવારે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્રના ગ્રંથોનું આલેખન કરનાર અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામીના જીવનને સૌ કોઈ પ્રત્યેક્ષરૂપે નીહાળી શકે, તે માટે એમનું જીવનચરિત્ર લખી રહેલ સાધુતાએ યુક્ત સંત પૂ.આદર્શજીવન સ્વામી પ્રગટ ચરિત્રામૃત વિષયક પ્રાતઃકથામૃતનો લાભ આપી રહ્યા છે.

પ.પૂ.મહંતસ્વામી મહારાજના પ્રાતઃપૂજામાં સંગીતજ્ઞ હરિભક્તો કીર્તનગાન દ્વારા તેઓની કળાને પાવન કરી હતી અને નિર્દોષતાથી છલકતા એવા નાના બાળકોએ સત્સંગ દીક્ષાના શ્લોકો, સાખીઓ, સ્વામીની વાતો, પ્રસંગોના મુખપાઠની રજૂઆત કરી હતી.

પ.પૂ.મહંતસ્વામી મહારાજની સાથે સેવામાં રહેતા સેવક સંતો દ્વારા સ્વામીના ગુણોને વ્યક્ત કરતા પ્રસંગો રજૂ થયા હતા. જેમાં પૂજ્ય સેવક સંતોએ જણાવ્યું હતું કે, 'સ્વામી દરેક ક્રિયામાં હંમેશા ભગવાનને યાદ કરે છે, મૂર્તિમાં જાણે સાક્ષાત ભગવાન છે એવા જ ભાવ સાથે ભક્તિ કરે છે. સ્વામી પર રોજના ૧૫૦ જેટલા પત્રો ભક્તો પોતાના પ્રશ્નોના સમાધાન પ્રાપ્ત કરવા માટે મોકલે છે. અને ૯૧ વર્ષની વયે પણ આ ભક્તોના પ્રશ્નોના સમાધાન સ્વામી કરી આપે છે.' સેવક સંતોએ કહેલ ગુરુભક્તિના પ્રસંગો ઉપસ્થિત તમામ ભક્તોને એક સાચા શિષ્ય બનવાની પ્રેરણા આપી રહ્યા હતા. આજના દિને પોતાના ગુરુજીના વિશિષ્ટ પ્રસંગો સાંભળીને ભક્તોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# લોધિકાના પાળ પીપળીયા ગામની સીમમાંથી ૯ જુગારીઓ ઝડપાયાં

રાજકોટ તા.૨૭

રાજકોટ રૂરલ એલસીબીએ લોધિકાના પાળ પીપળીયા ગામની સીમમાંથી જુગાર રમતાં ૯ ને પકડી પાડી રોકડ રૂ.૩૩,૬૦૦ જપ્ત કર્યા હતા. લોધીકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

મળતી વિગત મુજબ રાજકોટ રૂરલ એલસીબી સ્ટાફના એ.એસ.આઈ. વકારભાઇ અરબ, રોહીતભાઇ બકોત્રા, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર, મેહુલભાઈ સોનરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન  લોધીકાના પાળ પીપળીયા ગામની સીમમાં ગીરીરાજ ઈન્ડસ્ટ્રીયલ ગેઈટ નં. ૩ લાવા ફોર્જ નામના કારખાના પાછળ મેદાનમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં પત્તા ટિંચતા મહેન્દરપાલ દશારામ રાજપુત (ઉ.વ. ૪૦), બીરસિંહ માલીકચંદ પાલ (ઉ.વ.૨૫) આનંદપાલસિંઘ શ્રીપાલસિંઘ (ઉ.વ. ૪૫), શ્રીપત જંગીપ્રશાદ રાજપુત (ઉ.વ. ૪૩), બ્રિજેશકુમાર શેષકુમાર સેંગલ (ઉ.વ. ૨૦), નિરજકુમાર ટુટીયા આહીરવાર (ઉ.વ. ૨૨) (રહે તમામ શાપર વેરાવળ) અને વિક્રમભાઈ કાનાભાઈ કોઠીવાલ (ઉ.વ. ૨૮ રહે. રીબડા ગામ), અનીલ શ્રીશિવનારાયણ વિશ્વકર્મા (ઉ.વ.૩૮, રહે. રીબડા ગામ), તેમજ નંદકિશોર લાલદીમાન રાજપુત (ઉ.વ .૨૩, રહે.હાલ પાળ પીપળીયા) ને દબોચી લઈ રોકડ રૂ.૩૩,૬૦૦ કબ્જે કર્યા હતા. લોધીકા પોલીસે જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સગીરા ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ





**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદી એ ફરિયાદ લખાવેલ કે તેઓની ૧૪ વર્ષની સગીર દીકરીને આરોપી લલચાવી ફોસલાવી લઈ જઈ તેના પર દુષ્કર્મ આચરેલ છે તેવી ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે આરોપી વીકી રામભાઈ તરેટીયાની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા આરોપી સામે પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ ચાર્જશીટ થયા બાદ આરોપીએ જામીન ઉપર છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે ભોગબનનાર સગીરાની ઉંમર માત્ર ૧૪ વર્ષની છે અને સગીરાએ તેમના નિવેદનમાં પણ આરોપીએ બળજબરી થી દુષ્કર્મ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેથી આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોય જેથી જામીન આપવા જોઈએ નહીં. તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ પી.જે. તમાકુવાલા જામીન અરજી રદ કરેલ છે. આ કામમાં સરકાર તરફ સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલા હતા

# મહાવ્યથા પહોંચાડવાના ગુન્હામા આરોપીની જામીન અરજી રદ



**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)**

રાજકોટ તા.૨૭

શહેર ગાંધીગ્રામ-૨ (યુની.) પો.સ્ટે.મા નોંધાયેલ આઈ.પી.સી. કલમ-૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ ના ગુનામાં આરોપી ભરતભાઈ છેલાભાઈ બાંભવાની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી સેસન્સ કોર્ટે નામંજુર કરેલ હતી.આ કેસની વિગત એવી છે કે હાર્દિકભાઈ મહેન્દ્રભાઈ પંડયા રહે:''હરીઓમ '', નંદનવન સોસાયટી, શેરી નં.૪, રાજકોટવાળાએ ગાંધીગ્રામ-૨ (યુની.) પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલ હતી કે આરોપી નં.૧ વિરૂધ્ધ કોર્ટમાં કેસ ચાલુ હોય જે બાબતે ફરીયાદી પાછી ખેંચી લેવાનુ કહી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓએ ફરીયાદીને લોખંડના પાઈપથી શરીરે તથા હાથે તથા પગે મારી ફેક્ચર જેવી ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાબતે ફરીયાદ કરેલ હતી અને ફરીયાદીએ હોસ્પીટલમાં સારવાર લીધેલ હતી ત્યારબાદ ઉપરોકત ફરીયાદના આધારે આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ-૩૨૫,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ-૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ થયેલ હતો ત્યારબાદ આઈ.પી.સી. કલમ-૩૨૬ નો ઉમેરો થયેલ હતો. ત્યારબાદ બન્ને આરોપીઓની પોલીસે ધરપકડ કરેલ હતી અને આરોપીઓને કોર્ટે જેલ હવાલે કરેલ હતા. આરોપીઓએ લોઅર કોર્ટમા જામીન અરજી કરેલ હતી. જે નામંજુર થતા સેસન્સ કોર્ટમા જામીન અરજી કરેલ હતી જે જામીન અરજી પણ સેસન્સ કોર્ટે નામંજુર કરેલ હતી. ત્યારબાદ હાલના આરોપી ભરતભાઈ છેલ્લાભાઈ બાંભવાએ હાઈકોર્ટમાં જામીન અરજી કરેલ હતી જે પણ તેઓએ વિથડ્રો કરેલ હતી ત્યારબાદ ચાર્જશીટ થતા સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરેલ હતી જેમા અરજદાર તરફે વિગતવાર દલીલો થયેલ હતી અને દસ્તાવેજો પણ રજુ કરેલ હતા જયારે મુળ ફરીયાદી તરફે લેખીતમા વાંધાઓ રજુ કરવામા આવેલ હતા અને સુપ્રિમ કોર્ટના જજમેન્ટ રજુ કરવામા આવેલ અને સરકાર પક્ષે પણ વિગતવાર જામીન ન મળે તે માટે દલીલો થયેલ હતી. જેમા મુળ ફરીયાદીના વાંધાઓ અને રજૂ થયેલ જજમેન્ટ તથા કેસના સંજોગો ધ્યાને લઈ તથા ફરીયાદીની ઈજાઓ ધ્યાને લઈ અને બનાવનુ કારણ ધ્યાને લઈ એડી.સેસન્સ જજ વી.કે.ભટ્ટે આરોપીની જામીન અરજી રદ કરેલ હતી.

આ કેસમા મુળ ફરીયાદી તરફે રાજકોટના એડવોકેટ જીતેન્દ્રસિંહ વી. પરમાર, ચિરાગભાઈ મેતા, રાજેન્દ્રસિંહ પરમાર, વિજયભાઈ જોષી, સચીનભાઈ સોલંકી તથા ઈકબાલભાઈ થૈયમ તથા એસ.એમ.ડાભી રોકાયેલ હતા.

# લીલીયામોટાનાં વેપારીઓનું ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને બંધનું એલાન

## કાલે ગામની બજારોમાં સજજડ બંધ પાળવામાં આવશે,છેલ્લા એક દાયકા કરતાં પણ વધુ સમયથી સમસ્યા છતાં તેનું કોઈ નિરાકરણ કરવામાં આવતું નથી,અવારનવાર રજૂઆત છતાં પણ ગામ પંચાયતથી લઈને જિલ્લા પંચાયત સુધીનાં શાસકો યોગ્ય કરતા નથી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

લીલીયા મોટા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરિન રાજપુરાએ ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને શુક્રવારે ગામની બજારો બંધરાખવાનું એલાન કર્યુ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, લીલીયા શહેરમાં એક દાયકા ઉપરાંતનાં સમયથી કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલી ભૂગર્ભ ગટર યોજના સમગ્ર ગ્રામજનો માટે માથાના દુઃખાવા સમાન સાબિત થઈ છે. પાછલા કેટલાક સમયથી શહેરની મેઈન બજાર સહિત અનેક વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કુંડીઓમાંથી ગંદા પાણી માર્ગો પર વહી રહ્યાં છે. તેને લઈ ચેમ્બર ઓફ કોમર્સનાં હોદેદારોએ મામલતદારને આવેદનપત્ર આપી આગામી તા. ૨૮/૬નાં રોજ શહેરનાં તમામ વેપાર ધંધા સવારથી સજજડ બંધ રહેશેનું એલાન આપ્યું છે.

પત્રમાં જણાવ્યું છે કે, અગાઉ શહેરની વિવિધ સંસ્થાઓએ અનેકવાર રજૂઆતો અને આંદોલનો કર્યા હોવા છતાં આજ દિન સુધી કોઈ પરિણામ મળ્યું નથી. સમગ્ર શહેરની ભૂગર્ભ ગટર જામ હોય તેને કાર્યરત કરવા સ્થાનિક ગ્રામ પંચાયત પાસે મેન્ટનન્સમાં કોઈ સાધનો નથી તમામ પમ્પીંગ સ્ટેશન બંધ છે. આ પ્રશ્ને કોઈ ઉકેલ નહી આવે તો આવનારા દિવસોમાં ઉપવાસ આંદોલન તથા અચોક્કસ મુદત સુધી વેપારીઓ પોતાના ધંધા-રોજગાર સજજડ બંધ રાખી આંદોલન કરશે તેમ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરિનભાઈ સોનીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા એક દાયકા ઉપરાંતનાં સમયથી શહેરમાં કરોડો રૂપિયાનાં ખર્ચે નબળી થયેલકામગીરીનાં કારણે ભૂગર્ભ ગટર અમલમાં આવી ત્યારથી શહેરીજનો માટે માથાના દુઃખાવા સમાન સાબિત થઈ રહી છે. આ પ્રશ્ને અનેકવાર શહેર બંધ પાળી ઉગ્ર આંદોલનો કરવામાં આવ્યા, હાઈકોર્ટમાં પીએલઆઈ સ્થાનિક વેપારી રસિકભાઈ વંદ્રાએ કરેલ હાઈકોર્ટનાં હુકમો પણ જવાબદાર તંત્ર ઘોળીને પી ગયું. ત્રણ-ત્રણ ધારાસભ્યો, સરપંચો અને બે સાંસદો બદલાયા તેમ છતાં ભૂગર્ભ ગટરનો પ્રશ્ન ઉકેલાયો નથી.

શહેરની મેઈન બજાર સહિત અનેક વિસ્તારોમાં પાછલા કેટલાક સમયથી ભૂગર્ભ ગટરનાં ગંદા દુર્ગંધ મારતા પાણી માર્ગો પર વહી રહ્યા છે જેથી શહેરમાં મચ્છર, માખીનો ઉપદ્રવ વધવાનાં કારણે રોગચાળો ફાટી નિકળવાની દહેશત છે. આરોગ્ય વિભાગ દ્વારા મેઈન બજાર સહિત સમગ્ર શહેરમાં યોગીંગ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# અમરેલીમાં રીવરફ્રન્ટ માટે રૂપિયા ૨૮ કરોડ મંજૂર

## રીવરફ્રન્ટ બનવાથી નદીમાં ૩૬૫ દિવસ સુધી જળ સંગ્રહ કરવામાં આવશે

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની જનલક્ષી વિકાસની કાર્યરીતિની લોકમુખે ચોમેર પ્રશંસા થઈ રહી છે. ધારાસભ્યના અથાક પ્રયત્નોથી જિલ્લાને એક પછી એક વિકાસકામોની ભેટ મળી રહી છે. જેમાં વધુ એક ભેટનો ઉમેરો થયો છે. અમરેલી નગરપાલિકા ખાતે ઠેબી રિવરફ્રન્ટ પાર્ક ડેવલપમેન્ટ (ફેઝ-૧) પ્રોજેકટના કામ માટેના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ રૂપિયા અઠ્ઠાવીસ કરોડ છ લાખ એકયાસી હજાર પંચ્યાસી રૂપિયા માટેના ટેન્ડરની રકમને તાજેતરમાં જ મંજૂરી મળી છે.

આ મંજૂરી મળતા હવે ઠેબી રિવરફ્રન્ટ પાર્ક ફેઝ -૧ ના કામનું ટેન્ડર ટૂંક સમયમાં જ બહાર પડશે. આરસીસી રિટેનિંગ વોલ (તબક્કો- ૧) ઠેબી રિવરફ્રન્ટ પાર્ક ડેવલપમેન્ટ માટે ઠેબી ડેમ પાસે કામનાથ મંદિર, અમરેલી ખાતે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ થનાર આ કામથી અમરેલી નગરનાશહેરીજનોને માટેનવિન સુવિધાનો ઉમેરો થશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# બાબરા પંથકનાં ફૂલઝર સહિતનાં વિસ્તારમાં જંગલી ભૂંડનો ત્રાસ

## લોહી-પાણી એક કરીને વાવેતર કરેલ બિયારણને જંગલી ભૂંડ ચરી જતાં ખેડૂતો પરેશાન

### તાલુકા પંચાયતનાં સદસ્યએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને મદદ કરવા માંગ કરી



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

બાબરા તાલુકાના ફુલજર ગામ સહિત આસપાસ ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરમાં જંગલી ભૂંડનો ત્રાસ વધતા ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડી રહી છે. ખેડૂતો દ્વારા કાળી મજૂરી કરી મોંઘા બિયારણનું વાવેતર કરવામાં આવે છે પણ ભૂંડ ચરી જતા ખેડૂતને મહેનત અને મજૂરી માથે પડી રહી છે. ત્યારે આ વિસ્તારના તાલુકા પંચાયત સભ્યનાગરાજભાઈ વાળા દ્વારા રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી ખેડૂતોને જંગલી ભૂંડના ત્રાસમાંથી મુકિત આપવા માંગ કરી છે.તાલુકા પંચાયતના સભ્યએ મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, બાબરા તાલુકાના ફુલજર ગામ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સારા વરસાદથી ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કરેલ છે. જગતનો તાત રાત-દિવસ મહેનતકરી મગફળીનું વાવેતર કરવામાં આવી રહ્યું છે પણ ફુલજર ગામ સહિત આસપાસના ગામમાં ખેતરમાં સિમ વિસ્તારમાં જંગલી ભૂંડનો ત્રાસ વધી ગયો છે. અહીં ગામમાં મનુભાઈ નરશીભાઈ લુણાગરિયાએ પોતાના ખેતરમાં દસ વિઘામાં મગફળીનું વાવેતર કરેલ છે પણ જંગલી ભૂંડ તમામ બિયારણ ખોતરી ખાય જતા ખેડૂતને મોંઘું બિયારણ અને મજૂરી માથે પડી છે. આવું નુકસાન લગભગ આ વિસ્તારના ખેડૂતના ખેતરમાં જોવા મળી રહ્યું છે. ત્યારે રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં યોગ્ય મદદ કરવામાં આવે અને ભૂંડના ત્રાસમાંથી મુકિત આપવામાં આવે તેવી પત્ર દ્વારા માંગ કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લામાં ''વિશ્વ વસ્તી દિવસ''ની જુદા-જુદા ૪ તબક્કામાં ઉજવણી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

રાજય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશ્વ વસ્તી વધવાની સમસ્યા અને જાગૃતિ લાવવા તથા લોકોમાં નાનુ કુટુંબ સુખી કુટુંબની તથા માતાઓ અને બાળકોના સ્વાસ્થય અને સુખાકારીમાં યોગદાન પ્રદાન કરવા માટે અમરેલી જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અવિનીય ડૉ.આર.એમ.જોષીનાં માર્ગદર્શન નીચે વિશ્વ વસ્તીદિન- ૨૦૨૪ની ઉજવણીનુ આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪ માટેનું વિશ્વ વસ્તીદિન- ૨૦૨૪નું સુત્ર, ''વિકસીત ભારતની નવી પહેચાન, કુંટુંબ નિયોજન દરેક દંપતીની શાન'' નો પ્રચાર-પ્રસાર કરવા માટે ચાર તબકામાં કામગીરીનુ આયોજન કરવામાં આવેલ છે.

પ્રથમ તબક્કોઃ- (તા.૧/૬/૨૪થી તા.૨૦/૬/૨૪ ઝુંબેશ માટે પ્રચાર-પ્રસાર તથા આઈ.ઈ.સી. સાથેની તૈયાર કરવી, વિતરણ કરવુ.

બીજો તબક્કોઃ- (તા. ૨૭/૬/૨૪ થી તા.૧૦/૭/૨૪) કુટુંબ નિયોજનના મહત્વ વિષે જનજાગૃતિ લાવવા માટેઆવશે. આરોગ્ય- શિક્ષણની વિવિધ પ્રવૃતિ, જુથચર્ચા, મીટીંગ અને સોશ્યલ વગેરેનો ઉપયોગ કરવો.

# અમરેલીમાં અંદાજીત ૫૦ દુકાનોને તાળા મારી દેવાથી વેપારીઓ પરેશાન

## ફાયર સેફટીનાં અભાવે ફાયર વિભાગે કાર્યવાહી કરી



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

રાજકોટ ખાતે એક મહિના પહેલા ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ સરકાર જાગી ગયા બાદ ફાયર સેફટી નહી ધરાવતા કોમ્પ્લેકસ સામે કાયદેસર કાર્યવાહી કરવા સૂચનાઓ આપતા છેલ્લા એક મહિનાથી ગુજરાતભરમાં ફાયર સેફટી નહી ધરાવતા અનેક કોમ્પ્લેકસ સામે કાર્યવાહી હાથ ધરાય છે. ત્યારે અમરેલી શહેરની મધ્યમાં આવેલ હરી રોડ પર આવેલ વધુ એક કોમર્શિયલ કોમ્પ્લેકસને ફાયર વિભાગે સીલ મારી દેતા ફફડાટ ફેલાયો છે.

આ બનાવમાં અમરેલી શહેરની મધ્યમાં આવેલ અને સતત ટ્રાફિક ધરાવતા હરિ રોડ પર આવેલ અને આશરે પચાસદુકાન ધરાવતા અવધ ઓર્કેડ નામના કોમર્શિયલ કોમ્પ્લેકસમાં ફાયર સેફટીની સુવિધા ના હોવાના કારણેને અવધ ઓર્કેડ નામનાં કોમર્શિયલ કોમ્પ્લેકસને અગાઉ ફાયર સેફ્ટી ઉભીર કરવા બાબતે ફાયર વિભાગ નોટીસ ફાળવવામાં આવેલ હતી. જે કોમર્શિયલ કોમ્પ્લેકસ દ્વારા આ નોટીસની અવગણના કરી આજ દિન સુધી ફાયર સેફટીની સુવિધા વસાવેલ ના હોય, તથા ફાયર સેફટી સર્ટીફીકેટ મેળવેલ ના હોય તેથી અમરેલી ફાયર તથા સમગ્ર કમિટી મેમ્બરની ટીમ દ્વારા સંપૂર્ણ આ કોમ્પ્લેકસને સીલીંગ હાથ ધરવામાં આવેલ હતી.

અમરેલી શહેરમાં છેલ્લા એક મહિનાથી ફાયર સેફટી નહી ધરાવતા ૨૨થી વધુ કોમ્પ્લેકસ સામે ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાય છે.

# ૨૧મી સદીનું ભારત રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિના વિદ્યાર્થીઓમાં દેખાય છે

## ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવ રાજકુમારે મુલાકાત લીધી



મહેસાણા,તા.૨૭

મહેસાણા જિલ્લાના ખેરવા ગણપત યુનિવર્સિટી ખાતે રક્ષાશક્તિ સ્કૂલ અને જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સની મુખ્ય સચિવ રાજકુમારે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટર એમ નાગરાજન ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવએ રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના વિવિધ વિભાગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્ય સચિવએ જણાવ્યું હતું કે, આજથી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. આ વર્ષે ૨૧મા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં દરેક બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે સરકારી શાળામાં દરેક પ્રકારની સુવિધાઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે. દરેક શાળામાં સ્માર્ટ ક્લાસરૂમ જોવા મળી રહ્યો છે માટે સરકાર સાથે જો તેમાં સમાજનો સહકાર મળે તો શિક્ષણના આ કાર્યને વધુ વેગ મળશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ૨૧મી સદીનું ભારત રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિના વિદ્યાર્થીઓમાં દેખાય છે. આ વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યનો લાભ રાજ્ય અને દેશને મળશે. ગણપત યુનિવર્સિટી સમાજ માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહી છે. અહીંના વિદ્યાર્થીઓ રમત રમત પ્રત્યે ખૂબ આગળ છે. તેવી જ રીતે દરેક ક્ષેત્રે ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી મુખ્ય સચિવે આશા પણ વ્યક્ત કરી હતી.

આ તકે મુખ્ય સચિવ શ્રી સહિતના મહાનુભાવોના હસ્તે રક્ષા શક્તિ અને જ્ઞાન શક્તિ સ્કૂલના તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મુખ્ય સચિવ સહિતના મહાનુભવો વૃક્ષા રોપણ કર્યું હતું

આ પ્રસંગે ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર મહેન્દ્ર શર્મા, પ્રાંત અધિકારી ઋતુરાજસિંહ જાદવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બિરેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શરદ ત્રિવેદી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ઘરનું પાકુ મકાન હોય, આલિશાન મોબાઈલ, બાઈક હોય એસી હોય છતાં તેમની પાસે હોય બીપીએલ કાર્ડ!

## ગરીબ પરિવારોનાં હક્ક-હિસ્સા ઉપર તરાપ મારનાર સામે કાર્યવાહી જરૂરી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં વહીવટીતંત્રની અણ આવડત અને રાજકીય આગેવાોની મીઠી નજર તળે જિલ્લાનાં અનેક ગરીબ પરિવારો સરકારી ચોપડે અમીર અને અને અનેક અમીર પરિવારો સરકારી ચોપડે ગરીબ જોવા મળી રહયા છે.

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ગરીબ પરિવારોની એક નિયત ગાઈડ લાઈન મુજબ યાદી તૈયાર કરવામાં આવે છે. જે પરિવારને બીપીએલ કાર્ડ આપવામાં આવે છે. અને તે કાર્ડના આધારે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને તે પરિવારને લાભ આપીને તેમને ગરીબી રેખાની નીચેથી ઉપર લઈ જવાનો ઉમદા હેતું સમાયેલ છે.

પરંતુ, અમરેલી જિલ્લાની બીપીએલ પરિવારોની યાદીની તટસ્થ તપાસ થાય છે. સેંકડોથી લઈને હજારો પરિવારોનો સમાવેશ ખોટી રીતે બીપીએલયાદીમાં થયો છે. જે પરિવારને પોતાનું પાકુ મકાન હોય, આલિશાન બાઈક, મોબાઈલ હોય, ઘરમાં તમામ સુખ સુવિધાનાં સાધનો હોય તેવા અમીર પરિવારો લાગવગનાં જોરે બીપીએલ કાર્ડ મેળવી લે છે. અને માહિતી માંગવાથી લઈને જો કોઈ લાભ મળતા હોય તે ખુલ્લે આમ લઈ રહયા છે.

બીજી તરફ જો ખેરખર ગરીબ પરિવારો છે. તેવા અનેક પરિવારોને બીપીએલ કાર્ડ મળતું નથી. અને તેને કલ્યાણકારી યોજનાઓનો લાભ ન મળતા તે પરિવાર ગરીબી રેખા નીચેથી બહાર આવતા નથી. અને સરકારનો ઉમદા હેતુસર થતો નથી.

આથી જિલ્લાના તમામ સરપંચથી લઈને સાસંદ સહિતનાં પદાધિકારીઓ અને તલાટી મંત્રીથી લઈને જિલ્લા કલેકટર સુધીના અધિકારીઓ જિલ્લાનાં તમામ બીપીએલ પરિવારોની યાદીનું રીસર્વે કરીને જે કોઈ પરિવાર ખોટી રીતે બીપીએલ યાદીમાં આવ્યા છે. તેને દુર કરીને કલ્યાણકારી યોજનાં મેળવેલ હોય તો તેની તપાસ કરવી જોઈએ અને જે ખરેખર ગરીબ પરિવાર છે. અને તેનો બીપીએલ યાદીમાં સમાવેશ થયો નથી તેને યોગ્ય મદદ કરવી જોઈએ તેવું સૌ કહી રહયા છે.


# મકાન ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવાની કે, રાજકોટ શહેરનાં રેવન્યુ સર્વે નં.૪૧૦ પૈકીનાં બિનખેડવાણ અને રહેણાંક હેતુ માટેનાં ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૫ તથા પ્લોટ નં..૧૬ ની કુલ જમીન આ.ચો.મી. ૨૦૪-૬૦ ઉપર મકાન આવેલ છે. જે બક્ષીસ દસ્તાવેજ અનું.નં.૩૬૯૨, તા.૨૩/૦૫/૨૦૨૪ ના રોજથી પ્રગતીબા સમીરસિંહ પરમાર એ ખરીદ કરેલ છે. જે મકાન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે

-ઉપર્યુકત મિલ્કત મકાનનાં ટાઈટલ, માલીકી હકક, કબ્જા હકક કે વારસાઈ હકક, ભરણપોષણનાં હકકો કે કે અન્ય કોઈપણ પ્રકારનાં હકકો બાબતે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે લાગભાગ, હકક, હીત, હીસ્સો, દરદાવો, ગીરો, કરજ, બોજો હોય તો તેમજ સદરહું મકાન કે તેના કબ્જા બાબતે કે તેની ચર્તુઃદિશા બાબતે કોઈને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ માં નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત દરમ્યાન કોઈનો વાંધો તકરાર નહી આવે તો કોઈને વાંધો કે તકરાર નથી અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું મિલકત મકાન ખરીદ કરવા અંગેની તમામ કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે અને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરશે. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ.

તા.૨૭-૦૬-૨૦૨૪
રાજેશ-એમ. ફળદુ, એડવોકેટ,
ચિંતન વી. સોજીત્રા, એડવોકેટ,
લો સ્પેસ, પ્રથમ માળે, જગદીશન માર્ગ
શેરી નં.૫, ઈન્દિરા સર્કલ પાસે, ૨-જલારામ,
યુનિ. રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
મોબાઈલ નં.૯૫૫૮૮ ૧૧૧૦૦

રાજેશ એમ. ફળદુ
એડવોકેટ


# અવસાન નોંધ

અમરેલી : સલડી નિવાસી હાલ અમરેલી સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રાહ્મણ,ગં.સ્વ. કાંતાબેન મુળશંકરભાઈ વ્યાસ (ઉ.વ. ૯૭)નું તા. ૨૬/૬/૨૦૨૪ને બુધવારનાં રોજ કૈલાસવાસ થયેલ છે. તે સ્વ.મૂળશંકરભાઈ કાનજીભાઈ વ્યાસના પત્નિ તથા મહેન્દ્રભાઈ મુળશંકરભાઈ તથા મહેશભાઈ મુળશંકરભાઈ વ્યાસ તથા હંસાબેન પોપટલાલ દવે મુંબઈ અને આશાબેન નરેશભાઈ મહેન્દ્રભાઈ વ્યાસના દાદી થાય છે.જેમનું બેસણુ તા. ૨૮/૬/૨૦૨૪ના રોજ સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ મુકામે રાખેલ છે.

અમરેલી : અરજણસુખ નિવાસી તારાબહેન બાબુલાલ ચાંદરાણી (ઉ.વ. ૮૯) તે ધીરૂભાઈ (પોરબંદર), જીતુભાઈ (વિસાવદર), હસુભાઈ, નિલેશભાઈ અને જયેશભાઈનાં માતૃશ્રી તથા શશિકાંત કાનજીભાઈ ખીમાણીનાં મોટાબેનનું તા. ૨૬/૬/૨૪ને બુધવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭/૬/૨૪ને ગુરૂવારનાં રોજ અરજણસુખ મુકામે ૪ થી ૬ રાખેલ છે.

અમરેલી : મુળ કેશોદ હાલ અમરેલી નિવાસી ભીખુભાઈ દાદુભાઈ સાકરીયા (ઉ.વ. ૮૦) તેપ્રકાશભાઈ, અજીતભાઈ ના પિતા, દેવાંગ, સોનમ, પ્રિયાના દાદાનું તા. ૨૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન બ્રાહમણ સોસાયટી, રામનગર, શેરી નં-૬, અમરેલી ખાતે રાખેલ છે.

# આઈ.સી.ડી.એસ.ના ૬૦૦ બાળકોને દાતા તરફથી પાણીની બોટલ ભેટ



રાજકોટ : મહાનગરપાલિકાનાં આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત આવતી ઘટક-૩ આંગણવાડીમાં પ્રવેશ મેળવતા બાળકો માટે ભેટ મળી રહે તે માટે દાતાશ્રીના સહયોગથી આંગણવાડીમાં નવા પ્રવેશપાત્ર ભૂલકાઓ માટે ૬૦૦ પાણીની બોટલ આપવામાં આવેલ છે. તે બદલ સમગ્ર આઈસીડીએસ ઘટક ૩ વતી દાતાનું સન્માન કરી આભાર વ્યક્ત કરેલ.

# પ્રેમસંબંધ મામલે રાજકોટના યુવકને અપહરણ કરી મારમાર્યો

## પોરબંદરની સગીરા સાથે યુવકને પ્રેમસંબંધ મામલે અપહરણ થયાનું ખુલ્યું:પોલીસે ફિલ્મીઢબે પીછો કરી યુવકને છોડાવ્યો



રાજકોટ,તા.૨૭ પ્રેમસંબંધ મામલે શહેરના ગોકુળધામ ક્વાર્ટરમાં રહેતાં હાર્દિક નામના યુવકને ફોર્ચ્યુનર કારમાં ઘસી આવેલ સાત શખ્સોએ મારમારી તેનું કારમાં અપહરણ કરી નાસી છૂટતાં માલવીયાનગર પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને કારનો ફિલ્મીઢબે પીછો કરતાં આરોપીઓ યુવકને ગોંડલ નજીક ઉતારી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં ગોકુળધામ ક્વાર્ટરમાં રહેતાં ભૌમીકભાઈ પ્રવીણભાઇ સોલંકી (ઉ.વ.૨૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પરીયો ગઢવી, મેટિયો, અમરદીપ ઝાલા, જયલો, રાઘે કોળી અને અજાણ્યાં બે શખ્સોના નામ આપતાં માલવીયાનગર પોલીસે અપહરણ, રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે બે ભાઈ અને બે બહેનો છે. જેમાં સૌથી મોટો ભાઇ હાર્દિક (ઉ.વ.૨૪) છે. તેમની માતા જ્યોત્સનાબેન હોસ્પીટલમાં કચરાપોતા કરે છે અને તેમના પિતા છેલ્લા ત્રણેક વર્ષથી અલગ રહે છે. ગઇ તા.૨૬/૦૬/૨૦૨૪ ના રાત્રીના આઠેક વાગ્યે તે તેમના ગેરેજનુ કામ કરી ઘરે પરત આવેલ અને તેમનો ભાઈ હાર્દીક ક્વાટર નીચે ઉભો હતો અને ત્યારે એક સફેદ કલરની ફોર્ચ્યુનર કાર આવેલ અને જેમાંથી પુનીતનગરમાં રહેતો પરીયો ગઢવી, મેટીયો , અમરદિપ ઝાલા, જયલો અને રાઘે કોળી અને બે અજાણ્યાં શખ્સો લોખંડના પાઈપ અને ધોકા લઇ નીચે ઉતરેલ હતાં.

જેમાંથી પરીયો તેમના ભાઇ હાર્દિક પાસે આવેલ અને બન્ને વાત કરતા હતા ત્યારે હાર્દિક બોલેલ કે, તું મને મારવા આવેલ છો તો, મારી જ લે જેથી પરીયાએ કહેલ કે, તું ગાડિમાં ચાલ બેસી જા જેથી હાર્દિકએ ના પાડતા

તમામ આરોપીએ ભેગા મળીને હાર્દિકને ધરારીથી કારમાં બેસાડેલ અને તેને ત્યારે આરોપીઓ ઢીકા પાટાથી માર મારી ગાડિમાં બેસાડતા હતા અને ત્યારે ફરિયાદી તેના ભાઇ હાર્દિકને છોડાવા જતા પરીયા ગઢવીએ ધોકો ઝીંકતા તે ત્યાંથી ભાગી ગયો હતો.

તેમજ આરોપીઓએ કહેલ કે, જો તુ વચ્ચે આવીશ તો તુ પણ મરી ગયો માનજે તેમ કહેતાં તે ક્વાટરમાં ઉપર ચડી ગયેલ અને ત્યાંથી જોયેલ તો આરોપી ભેગા મળીને તેના ભાઈ હાર્દિકને કોઈ ઈરાદો પાર પાડવા અપહરણ કરી પરીયા ગઢવીએ મુંઢ માર મારીને તેની નજર સામે અપહરણ કરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને પીઆઈ જે.આર. દેસાઈ, એમ.ડી.ગઢવીની રાહબરીમાં પીએસઆઈ દિનેશ ગજેરા અને ટીમે કારના નંબર આધારે તેનો ફિલ્મી ઢબે પીછો કરતાં આરોપીઓ પકડાઈ જવાના ભયથી અપહરણ કરેલ યુવાનને ગોંડલ નજીક કારમાંથી ઉતારી નાસી છૂટ્યા હતાં.

પોલીસે યુવકને બચાવી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. વધુમાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું હતું કે, અપહરણ થયેલ યુવકને પોરબંદર પંથકની સગીરાને સાથે પ્રેમસંબંધ હતો અને તે સગીરાને ભગાડીને પોતાના ઘરે લાવ્યો હતો. જેથી સગીરાના માતાપિતા ૧૫ દિવસ પહેલાં તેણીને લઈ ગયાં હતાં. જે બાદ સગીરાના પરિવારજનોએ રાજકોટના શખ્સોને હવાલો આપી યુવકને મારમારી અપહરણ કર્યાનું સામે આવ્યું હતું.

## બોલબાલા ટ્રસ્ટ દ્વારા ચારધામ યાત્રાનું પ્રસ્થાન કરાવતા જયેશ ઉપાધ્યાય

### રાજકોટથી ચારધામ જતા યાત્રીકોનો પ્રવાસ આનંદમય અને યાદગાર રહે તેવી બોલબાલા ટ્રસ્ટ વતી શુભેચ્છા આપવામાં આવી



(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૭ બોલબાલા સિનિયર સીટીઝન વડીલ મેમ્બરો માટે ''નિવૃતીમાં પ્રવૃતિ' અને નાના મોટા અવનવા કાર્ય અવાર-નવાર થતા રહે છે.

જેમાં હાલમાં બોલબાલા ટ્રસ્ટ દ્વારા રાજકોટ થી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકો ન રાજકોટ રેલ્વે જંકશન બોલબાલા ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય ઉપસ્થિત રહી યાત્રા પ્રસ્થાન કરાવ્યું હતુ

ચારધામ જતા યાત્રીકો નો પ્રવાસ જીવનની અને યાદગાર યાત્રા બની રહે તેવી બોલબાલા ટ્રસ્ટ વતી શુભે આપવામાં આવી હતી.

રાજકોટ થી થી ચારધામ યાત્રા પ્રવાસે જતા યાત્રીકો ના યાત્રા પ્રસ્થાનમાં બોલબાલા ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય કમીટી મેમ્બર, તેમજ બોલબાલા ટ્રસ્ટ સ્ટાફ પણ જોડાયો હતો.

આ યાદી બોલબાલા ટ્રસ્ટના જીજ્ઞેશ ઉપાધ્યાય પોતાની યાદીમાં જણાવે છે.

(નોંધઃ- હાલમાં બોલબાલા સિનિયર સીટીઝન નવા મેમ્બરો માટે ફોર્મ રજીસ્ટ્રેશન ચાલુ છે. બોલબાલા સેવા સંકુલ, મીલપરા શેરી નં.૩, કેનાલ રોડ નજીક, રાજકોટ. ૮૮૬૬૦૨૨૬૬૦)

## શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં ભુલકાંઓને પ્રોત્સાહિત કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

### અશ્વિન મોલીયા, વિરમભાઈ સાંબડ, જે.ડી. ભાખર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા



રાજકોટ,તા.૨૭ વિધાનસભા-૬૮, રાજકોટ(પૂર્વ)ના ધારાસભ્ય ઉદય કાનગડની એક યાદીમાં જણાવાયું હતું કે ગુજરાતમાં કન્યા કેળવણી દ્વારા દીકરીઓના અભ્યાસને પ્રોત્સાહન આપવા અને પાથમિક શિક્ષણને વેગવંતુ કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં પાછલા બે દાયકાથી શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે, વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલ શિક્ષણની પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સફળતાપૂર્વક આગળ ધપાવી રહયા છે તે અંતગર્ત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયભરમાં શાળા પ્રવેશોત્સવનું આયોજન હાથ ધરાઈ રહયું છે.

તે અંતર્ગત વિધાનસભા-૬૮માં વોર્ડ-૪, ભગવતીપરામાં શાળા નં.૪૩ અને ૧૦૦માં તેમજ જુના મોરબી રોડ ખાતે શાળા નં.૭૭ અને શાળા નં. ૪૬માં રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડની પ્રેરક ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ પુજાબેન પટેલ, વોર્ડપ્રભારી જે.ડી. ભાખર, શિક્ષણ સમિતિ સદસ્ય વિરમભાઈ સાંબડ, કોર્પોરેટર કંકુબેન ઉઘરેજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ શિક્ષણમાં પ્રથમ ડગ માંડતા ભુલકાઓને આવકારતા જણાવેલ કે રાજયની ભાજપ સરકારના શિક્ષણના મહાકુંભનો અમી ઘુંટડો એટલે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ. પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પ્રથમ ડગ માંડતા ભૂલકાઓનો આગવો અવસર એટલે શાળા પ્રવેશોત્સવ. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી જેવા કાર્યક્રમો થકી લોકોમાં જાગૃતી આવી છે અને નાગરિકો શિક્ષણનું મહત્વ સમજતા થયા છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અને રાજય સરકારના વિવિધ પ્રયાસોના પરિણામે આજે અભ્યાસ અધૂરો છોડીને જતા બાળકોની સંખ્યામાં ધરખમ ઘટાડો આવ્યો છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ એટલે વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય તરફ ડગ માંડતું પ્રથમ સોપાન.

રાજયની ભાજપ સરકારના શિક્ષણના મહાકુંભનો અમી ઘુંટડો એટલે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ. પોતાના જીવનમાં શિક્ષણના પગથિયે પ્રથમ ડગ માંડતા ભૂલકાઓના આ આગવા અવસર એટલ કે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને તમામ ભૂલકાઓને પ્રોત્સાહિત કરતાં ધારાસભ્ય ઉદય કાનગડએ અંતમાં જણાવેલ હતું.

## નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાની આંગણવાડી-શાળાઓમાં પ્રવેશ કરાવતા ભાનુબેન બાબરિયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)



રાજકોટ,તા.૨૭ નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયા ગરૂડેશ્વર તાલુકાની શાળાઓમાં પહોંચ્યા હતાં. મંત્રીએ ઉંડવાસાંકળ અને કારેલી ગામની પ્રાથમિક શાળા, આંગણવાડી તેમજ માધ્યમિક શાળા કારેલીના આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ - ૧ તથા ધોરણ - ૯ના બાળકોનું નામાંકન અને કંકુ તિલક કરી શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ કરાવ્યો હતો.

શાળાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સિદ્ધિ હાંસલ કરનાર અને રમત-ગમતમાં આગળ આવનાર બાળકોને મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તમામ સ્થળોએ કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો દ્વારા શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

શાળાથી દૂરના અંતરે રહેતા બાળકોને શાળા સુધી જવા માટે સરકાર દ્વારા અપાતી ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો પ્રારંભ કરાવી બાળકો સાથે મંત્રી ભાનુબેન બાબરિયાએ રિક્ષાની સવારી કરી હતી. સાથોસાથ આંગણવાડી - શાળામાં પ્રવેશ કરી રહેલા બાળકો સાથે મંત્રીએ પોતાના મોબાઈલમાં સેલ્ફી પણ લીધી હતી.

નર્મદા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪ સમગ્ર રાજ્ય સહિત નર્મદા જિલ્લામાં ઢોલ-નગારા સાથે વાજતે-ગાજતે વિદ્યાર્થીઓને શાળાઓમાં પ્રવેશ કરાવાય રહ્યો છે.

આ કાર્યક્રમમાં આઈસીડીએસ વિભાગ ગાંધીનગરના મદદનીશ નિયામક અલ્પાબેન સોલંકી, અધ્યક્ષ રંજનબેન ગોહિલ, જિલ્લા શિક્ષણાધિકારી ડો કિરણબેન પટેલ, આઈસીડીએસના પ્રોગ્રામ ઓફિસર ક્રિષ્નાબેન પટેલ અને જિલ્લાના મહિલા અગ્રણી જયશ્રીબેન ધામી તેમજ તાલુકા કક્ષાના અધિકારીઓ અને ગામના સરપંચ તેમજ ગ્રામજનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

## શહેર ભાજપ દ્વારા ''એક પેડ માઁ કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



રાજકોટ : તા.૨૩ જૂન ડો.શ્યામા પ્રસાદ મુખર્જી સ્મૃતિ દિવસ અંતર્ગતથી સેવાકીય કાર્યક્રમો આગામી તા. ૬ જુલાઈના તેમના જન્મ દિવસ સુધી પ્રદેશ ભાજપની યોજના અનુસાર વિવિધ કાર્યક્રમો જેવાં કે ડો.શ્યામાપ્રસાદ મુખજીર્ની વિવિધ કાર્યક્રમ અંતર્ગત ' એક પેડ માઁ કે નામ' કાર્યક્રમ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરના વોર્ડ પ્રમુખ, મોરચાના પ્રમુખ, બુથ પ્રમુખ, સેલના સંયોજક, મેયર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. વોર્ડના પ્રમુખ, બુથ પ્રમુખ, સેલના સંયોજકે પોતાના વોર્ડના બાગ બચીચામાં '' એક પેડ માઁ કે નામ'' અંતર્ગત વૃક્ષા રોપણ કરવામાં આવેલ હતું.

આ તકે મહેન્દ્ર પાડલીયા, ધારાસભ્ય અને મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપના હરેશ કાનાણી, વિજયભાઈ પાડલીયા સહિત રજનીભાઈ ગોલ, વિરેન્દ્ર ભટ્ટ, કાનાભાઈ ખાણધર, લલીતભાઈ વાડોલીયા, કિરણબેન માકડીયા સહિતના ભાજપના કાર્યકર્તા અગ્રણી મંગલ પાંડે, બીગબજાર પાછળ આવેલ ઉદ્યાન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

## અનુસંધાન પહેલા પાનાનું

### ૧ જુલાઈથી ત્રણ નવા 'ક્રિમીનલ લો' લાગુ થશે

મુજબ, ડોક્ટરે કોઈપણ વિલંબ કર્યા વિના આરોપીનો તપાસ રિપોર્ટ IOને મોકલવો પડશે. રજિસ્ટર્ડ ડોક્ટરે રેપ પીડિતાની મેડિકલ તપાસનો રિપોર્ટ સાત દિવસમાં તપાસ અધિકારીને મોકલવાનો રહેશે.એટલું જ નહીં હવે પોલીસ કસ્ટડીમાં પણ મોટો ફેરફાર થશે. હવે BNSA એટલે કે 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા' હેઠળ, ગુનાની પ્રકૃતિના આધારે પોલીસ કસ્ટડીની સમયમર્યાદા વધારીને ૧૫ દિવસ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના નિવૃત્ત એસીપી રાજેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, આનો અર્થ એ છે કે કોઈ ગંભીર કેસમાં જયાં ૧૦ વર્ષથી વધુની સજાની જોગવાઈ હોય, ૯૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવી પડે છે, આવા કેસમાં તે અંદર દાખલ થઈ શકે છે. ૬૦ દિવસની અંદર ગમે ત્યારે ૧૫ દિવસની પોલીસ કસ્ટડી લઈ શકાય છે.જે કેસમાં સજા ૧૦ વર્ષથી ઓછી હોય, ૬૦ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવાની હોય છે. આવા કિસ્સામાં, પોલીસ ૪૫ દિવસની અંદર ગમે ત્યારે ૧૫ દિવસ માટે કસ્ટડી લઈ શકે છે. આ કસ્ટડી ટુકડાઓમાં પણ લઈ શકાય છે. આ સાથે એફઆઈઆરથી લઈને કોર્ટના નિર્ણય સુધીની સુનાવણી સંપૂર્ણપણે ઓનલાઈન હશે. ઓનલાઈન ફરિયાદ દાખલ કર્યાના ત્રણ દિવસમાં એફઆઈઆર નોંધવી પડશે. સાત વર્ષથી વધુ સજા પામેલા તમામ ગુનાઓમાં ફોરેન્સિક તપાસ ફરજિયાત કરવામાં આવી છે

### છોકરી વરસાદમાં રીલ બનાવી રહી હતી અને આકાશમાંથી વીજળી પડી

છે અને વીજળી ઘરની છત પર પડે છે. છોકરી ડરીને ભાગી જાય છે. છોકરી આ ઘટનામાંથી અંશે બચી ગઈ હતી, પરંતુ તે ખૂબ જ ડરી ગઈ હતી. વરસાદની મોસમમાં સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે. ખુલ્લામાં જવાનું ટાળો, ખાસ કરીને ઊંચા વિસ્તારોમાં. વીજળી પડવાની સ્થિતિમાં, સલામત સ્થળે જાઓ અને તમારી આસપાસના લોકોને સુરક્ષિત રાખવાની કાળજી લો.

### દ્વારકા પંથકમાં વધુ ૨૧ કરોડના ડ્રગ્સના પેકેટો પકડાયા: તપાસ

ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સ એક્ટ (એનડીપીએસ એક્ટ) અન્વયે ગુનો નોંધી આગળની તપાસ કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડને સોંપવામાં આવી છે.આ કાર્યવાહીમાં સીપીઆઈ આર.બી. સોલંકી, ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા, ભાટિયાના પી.એસ.આઈ. કે.પી. ઝાલા, એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. કાનાભાઈ માડમ, ભીખાભાઈ ગાગીયા, સુમાતભાઈ ભાટીયા, હરદેવસિંહ જાડેજા વિગેરે સાથે રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં દ્વારકા પંથકમાંથી પોલીસને કુલ રૂપિયા ૬૧.૮૬ કરોડની કિંમતના ૧૧૫ પેકેટ બિનવારસુ હાલતમાં મળી આવ્યા છે. ત્યારે કલ્યાણપુરમાં એક આસામી પાસેથી આ પ્રકારના ચરસનો વધુ જથ્થો ઝડપાતા ચર્ચા જાગી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક




ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિદ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનિમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## -::: જાહેર નોટીસ :::-

આથી હું નીચે સહી કરનાર જેન્તીભાઈ માવજીભાઈ રાઠોડ ધર્મેઃ હિન્દુ, ઉ.વ.આ.૪૮, ધંધોઃ.મજુરીકામ, રહે.મું. દહિસરા, તા.જસદણ, જી.રાજકોટ આ જાહેર નોટીસથી જણાવવાનુ કે મારા ગુજ. માતૃશ્રી સામુબેન માવજીભાઈ રાઠોડનું તા.૦૧/૦૩/૨૦૧૫ ના રોજ ગામ આણંદપર (નવાગામ), રંગીલા સોસાયટી, રાજકોટ મુકામે અવસાન થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતાના અને શરતચુકના કારણે ગુજ. માતૃશ્રી સામુબેન માવજીભાઈ રાઠોડના મરણની નોંધણી સરકારી કે અર્ધ સરકારી રેકર્ડમાં આજદીન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૨૬/૦૬/૨૦૨૪ ના રોજ જન્મમરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ-ડીવીઝન મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા એડવોકેટ ભાવેશ આર.બાંભવા, દર્શન એન. જાંબુકિયા તથા હિતેષ એચ. વિરડા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનુ કે આ મરણ નોંધ સબંધે કોઈપણ ઈસ્મોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-30 માં લેખીત આધારપુરાવા સાથે સબ-ડીવીઝન મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૨, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ | રાઠોડ જેન્તીભાઈ

તા. ૨૭/૦૫/૨૦૨૪

# રાજકોટની માર્ગ મકાન વિભાગની કચેરીમાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા










રાજકોટ: નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ (શહેર)ની કચેરીનું કાર્ય વિવિધ સ્થળે સરકારી કર્મચારીઓના ક્વાર્ટર્સ, સરકારી બંગલો, બહુમાળી ભવન સહિતની સરકારી કચેરીઓ મરામત અને નિભાવ તેમજ નવી ઈમારત બનાવવાનો છે. દરેક જિલ્લા અને શહેરની કચેરીને આવરી લેવાય તે જ કારણે આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે માર્ગ અને મકાન વિભાગના સચિવને પત્ર લખીને મોટાભાગની સરકારી મિલકતોમાં સફાઈ કરવા સૂચન કર્યું હતું. જોકે રાજકોટની માર્ગ અને મકાન વિભાગની કચેરીમાં જ ગંદકી અને પાણી ભરાયેલા છે. આ કેમ્પસમાં સ્વચ્છતા અને મરામત કરવાનું છે આમ છતાં ત્યાં ગંદકી જોવા મળી છે. આ રીતે જોતા આરોગ્ય વિભાગના પરિપત્રનો રાજકોટની કચેરીમાં જ ભંગ થઈ રહ્યો છે.

**જયાં-જૂઓ ત્યાં કચરાના ઢગલા, દેશી દારૂની કોથળી, ઈંગ્લીંશ દારૂની બોટલ**

# વ્યાજખોરો સામે કાર્યવાહી કરવા પોલીસ દ્વારા કાલે લોકદરબાર

## વ્યાજખોરો સામેની ફરિયાદનું સ્થળ ઉપર નિરાકરણ કરાશે, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સહિતના તમામ અધિકારીઓ અરજદારો સાથે કરશે જાહેર ચર્ચા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં વ્યાજખોરો સામે કાર્યવાહી કરવા માટે પોલીસ દ્વારા ફરી એક વખત લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના અધ્યક્ષ સ્થાને તા.૨૮ જુને શુક્રવારે હેમુ ગઢવી હોલ ખાતે સાંજે ૪ થી ૫ સુધી તમામ પોલીસ મથકના સ્ટાફ દ્વારા સ્થળ ઉપર અરજી લેવામાં આવશે અને સાંજે ૫ વાગે પોલીસ કમિશ્નર સહિતના અધિકારીઓની હાજરીમાં અરજદારો સાથે જાહેર ચર્ચા કરવામાં આવશે.

શહેર પોલીસ દ્વારા વ્યાજંકવાદની બદી નાબુદ કરવા યોજાનાર જનસંપર્ક સભામાં પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના અધ્યક્ષ સ્થાને,અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા સાહેબ તથા ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર, ડીસીપી (ક્રાઈમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, ડીસીપી (ટ્રાફીક) પુજા યાદવ તેમજ શહેરના તમામ એસીપી તેમજ તમામ પોલીસ સ્ટેશનના તમામ પી.આઈ ખાસ હાજર રહેશે. આ જનસંપર્ક સભા માં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનુ નિરાકરણ તેમજ આ બદીથી મુકત કરવા અને વ્યાજંકવાદ સંપુર્ણ નાબુદ કરવાના હેતુસર આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટમાં રહેતા ઘણા નાગરિકો આર્થીક તંગીના કારણે ગેરકાયદેસર વ્યાજ વટાવનો વ્યવસાય કરતા ઇસમો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે જે આવી ગેરકાયદેસર પ્રવૃતિ આચરનાર ઇસમો ઉંચા વ્યાજે રૂપિયા આપતા હોય છે અને બાદ ભોગબનનાર વ્યકિત તે ઉંચુ વ્યાજ ચુકવતો રહે છે જેમાં મુદલ રકમ કરતા ઘણી બધી વધુ રકમ ચુકવવા છતા આવી પ્રવૃતિ આચરનાર વ્યાજખોરો દ્વારા ભોગબનનાર વ્યકિત ઉઘરાણી કરવામાં આવતી હોય છે અને જેના પરીણામે ભોગબનનાર તથા તેના કુટુંબીજનોની પાયમાલી સર્જાતી હોય છે.વ્યાજની બદી જે એક વ્યકિતને નહીં પરંતુ એક પુરા કુટુંબને અસર કરે છે.

જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી કોઇ પણ પ્રકારની તકલીફો કે ફરીયાદ હોય તો સીધા આ જનસંપર્ક સભામાં નિર્ભયપણે ભાગ લઇ પોતાની રજુઆત કરી શકશે તેમજ અગાઉ રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કમિશ્નરની કચેરીએ અરજી કરેલ હોય અને તેમાં પોલીસે કરેલ કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા નાગરિકો પણ આ જનસંપર્ક સભામાં નિર્ભયપણે ભાગ લઇ પોતાની રજુઆત કરી શકશે,નાગરિકોની કોઇ પણ ફરીયાદ અરજીનો સ્થળ પર નિરાકરણ કરી અને તેઓને ન્યાય અપાવવા માટે પોલીસ દ્વારા કામગીરી કરશે.

# સમસ્ત મહાજન દ્વારા ગૌશાળાઓ અને પાંજરાપોળનાં જીવદયા પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૭

વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય ડો. ગીરીશ શાહ તથા ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડનાં મેમ્બર મિતલ ખેતાણી દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળી ગુજરાતની તમામ ગૌશાળાઓ અને પાંજરાપોળને પશુદીઠ રૂા.૧૦૦ની દૈનિક, કાયમી સબસિડી આપવામાં આવે તે અંગેની રજૂઆત કરવામાં આવી હતી કારણ કે સંસ્થાને સરકાર દ્વારા જે સબસીડી ચુકવવામાં આવે છે તે સંસ્થાના જે ખર્ચ કરવાના થાય છે તેના પ્રમાણમાં પુરતી નથી.



ગૌવંશને બચાવવા માટે સરકાર દ્વારા લેવાયેલા પગલાં ખુબ સરાહનીય છે. પરંતુ સંસ્થાઓને પશુ સંરક્ષણના ક્ષેત્રમાં વધુ સારી રીતે કામ કરવામાં મદદ મળે તે માટે ગૌશાળા તથા પાંજરાપોળ માટે સૌથી અગત્યનો અને પાયાનો કોઈ પ્રશ્ન હોય તો તે છે કે ઘણી સંસ્થાઓ પાસે હાલ જમીન નથી, પશુધન ને સાચવવા માટે ખેતીની જમીન જોઈએ, ઘણી સંસ્થા ખેડૂત ખાતેદારના હોવાથી જમીન લઇ શકતી નથી, અને NA કરાવીને મોટી જમીન હોય તો ખેતીના થઈ શકે, આ પ્રશ્નનો ઉકેલ વાવવો જરૂરી છે અને સંસ્થાના નામે જમીન ન હોવાથી ઘણી સરકારી સહાય લેવામાંથી તે વંચીત રહી જાય છે. સંસ્થા દ્વારા તેમાં બાંધકામ કરવામાં પણ મુશ્કેલી આવી રહેલ છે. સરકાર દ્વારા આ બાબતમાં કોઈ સ્પષ્ટ નીતી નકકી કરીને જે સંસ્થાઓ હાલમાં ખેતીની જમીનમાં કામ કરે છે તેને તે જમીન તેનાં નામે કરવા માટે યોગ્ય પ્રોસીજર નક્કી કરીને ખેતીની જમીન પશુધનને સાચવવા માટે જ વાપરવાની હોય તો તે જ હેતુ માટે સંસ્થાને મળે તે માટે સરકાર દ્વારા યોગ્ય ગાઈડલાઈન બહાર પાડવામાં આવે જેથી સંસ્થાઓ માટે હાલનો જમીનનો જે પ્રશ્ન છે તે હલ થઈ શકે.

સરકાર દ્વારા પકડવામાં આવતા ઢોર સંસ્થામાં મોકલવામાં આવી રહયા છે પરંતુ દરેક પાસે સાચવવાની સગવડ તે તેમની પાસે જે પશુઓ છે તેના પુરતી છે. સરકાર તેની સામે વધારાના ૫૦ ટકા પશુઓ સાચવવા માટે આપશે તો તેને માટે સંસ્થાને વધારાની વ્યવસ્થા કરવી પડશે જેની ક્ષમતા સંસ્થાઓ પાસે નથી. તેથી સરકાર જયારે પણ સંસ્થામાં વધારાના પશુઓ મોકલે ત્યારે સંસ્થાને તે પશુઓને સાયવવા માટે જે ઇન્ફ્રાસ્ટ્રકયર તૈયાર કરવા માટે ફાયનાન્સની જરૂર છે તે સંસ્થાને સરકાર દ્વારા પુરુ પાડવામાં આવે જેથી નવા પશુઓ સંસ્થામાં આવે તેનાથી સંસ્થાના ઇન્ફ્રાસ્ટ્રકચરની જેમ કે શેડ, ગોડાઉન, કમ્પાઉન્ડ વોલ, તથા સ્ટાફ ક્વાર્ટસની ઘટ ન પડે અને દરેક પશુઓને સારી રીતે સાચવી શકાય તેના માટે ૩૦૦ કરોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની જરૂર છે. નીતિ આયોગ મુજબ, ૧૦૦૦ પશુઓની ગૌશાળા ચલાવવાનો કુલ ખર્ચ જમીન સહિત પ્રતિ દિવસ રૂ. ૧,૧૮,૧૮૨ છે, જ્યારે જમીન વિના ખર્ચ રૂ. ૮૨,૪૭૫ પ્રતિ દિવસ છે.

ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જીવદયાને લગતા અન્ય તમામ મુદ્દાઓ ધ્યાનથી સાંભળ્યા અને શક્ય તમામ મદદ કરવાની ખાત્રી આપેલ હતી. અત્રે ઉલેખનીય છે કે, સમસ્ત મહાજનના ડો.ગીરીશભાઈ શાહ અને મિતલ ખેતાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે.

# "શાળા પ્રવેશોત્સવ બાળકોના શિક્ષણનો પાયો મજબૂત કરે છે": પારૂલ આડેસરા



## જસદણ તાલુકાના મદાવા, દહીંસરા અને કમળાપુર ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૭

સમગ્ર ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનાં પ્રથમ દીને જસદણ તાલુકાની મદાવા પ્રાથમિક શાળા, દહીંસરાની પ્રાથમિક શાળા અને કમળાપુરની પ્રાથમિક તથા હાઇસ્કુલ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરાનાં અધ્યક્ષસ્થાને તથા મામલતદાર એન.સી. વ્યાસની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં ભૂલકાંઓને કુમકુમ લગાવી, મોં મીઠું કરાવી વાજતે ગાજતે શાળામાં પ્રવેશ કરાવાયો હતો.

શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ અંતર્ગત મદાવા પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકામાં ૧૬ કુમાર અને ૧૪ કન્યા મળી કુલ ૩૦ વિદ્યાર્થીઓ, આંગણવાડીમાં ૨૦ છાત્રો તથા ધો.૧ માં ૧૮ કુમાર અને ૧૩ કન્યા મળી કુલ ૩૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ તકે મામલતદારની અધ્યક્ષતામાં આયોજિત બેઠકમાં શાળાની કામગીરી અને સમસ્યાઓની સમીક્ષા કરાઈ હતી. તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો આરંભ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરાયો હતો. કાર્યક્રમમાં મહાનુભાવોનુ પુસ્તક આપીને અભિવાદન કરાયું હતું. આચાર્ય અશોકભાઈ હરિયાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન જેવા વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું. તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરાયા હતાં.

દહીંસરા પ્રાથમિક શાળાના શાળા પ્રવેશોત્સવમાં આચાર્ય વિપુલભાઈ મકવાણાએ સ્વાગત પ્રવચન કર્યું. આ પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૨૩ કુમાર અને ૨૦ કન્યા એમ મળી કુલ ૪૩ વિદ્યાર્થીઓ, આંગણવાડીમાં ૧૭ કુમાર ૧૩ કન્યા મળી કુલ ૩૦ છાત્રો તથા ધો.૧ માં ૫ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓએ બેટી બચાવો બેટી પઢાઓ, વૃક્ષારોપણ જેવા વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. પ્રવેશપાત્ર બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરી તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોને દફતરની કીટ આપનાર દાતા મહેરૂભાઈ ધાધલનું સન્માન કરાયું હતું. અને અંતમાં મહાનુભાવોએ સ્માર્ટ ક્લાસની મુલાકાત લીધી અને બાદમાં વૃક્ષારોપણ કર્યું હતું.

કમળાપુરની હાઇસ્કુલ ખાતે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી થઇ હતી. ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક/વિદ્યાર્થી દ્વારા કર્યું હતું. વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષય અને સ્વચ્છતા પર વકતવ્ય આપ્યું હતું. શાળા પ્રવેશોત્સવમાં બાલવાટિકામાં ૩૦ કુમાર ૧૭ કન્યા કુલ ૪૭ બાળકો, ધોરણ ૧માં કુમાર ૩ અને કન્યા ૨ કુલ ૫ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. શાળામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનાર વિદ્યાર્થીઓનું શૈક્ષણિક અર્પણ કરી સન્માન કરાયું હતું.

આ સાથે સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરાએ પણ બાળકોને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે જણાવ્યું કે, પાયો પાકો બનવો જોઈએ અને બાળકોએ અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. પહેલા શાળામાં પ્રવેશ લેતા, ત્યારે બાળકો રડતા રડતા જતા હતા પણ હવે બાળકો હસતા હસતા આવે છે. બાળકોના અહીંથી અભ્યાસની શરૂઆત થઈ રહી છે. બાળકો ભણશે તો આગળ વધશે. અભ્યાસથી ભવિષ્યનું ઘડતર થઈ શકે છે.

મામલતદાર એન.સી. વ્યાસે પ્રવેશપાત્ર બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આજે મે આ બાળકોનું સન્માન કર્યું ત્યારે મારા અભ્યાસ સમયે મે પણ આવી રીતે ઈનામ મેળવેલા છે, તેની યાદ તાજી થઈ છે અને આજે મે તમને ઈનામ આપ્યા ત્યારે જે બાળકોના ચેહરા પર ખુશી જોઈ જેનાથી મને ખૂબ આનંદ થયો છે.

ઉપરાંત, મદાવા પ્રા. શાળા ખાતે શાળા આપતી વ્યવસ્થાપન અને શાળા સિદ્ધિ નામની બે પુસ્તકનું વિમોચન મામલતદાર એન.સી. વ્યાસ અને સહાયક માહિતી નિયામકના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે સી. આર. સી. કો-ઓર્ડીનેટર પરેશભાઈ રામાણી, બી.આર.સી કો-ઓર્ડીનેટર - જસદણ સંદીપભાઈ મહેતા, દહિસરા ગામના સરપંચ અંબાબેન રાઘવભાઈ સરસણીયા, આચાર્ય ડો. હરેશભાઈ મહેતા, પ્રશાંતભાઈ જાની, રમેશભાઈ સાકરીયા, જશવંતભાઈ ભાટિયા, જસદણ તાલુકા ભાજપ મહામંત્રી કલ્પેશભાઈ વાવડિયા, પૂર્વ સરપંચ ધીરુભાઈ રામાણી, જસદણ તાલુકા પંચાયત સભ્ય ભીખાભાઈ બોઘરા, સક્રિય કાર્યકર મુકેશભાઈ દુધરેજીયા, લાયઝન અધિકારી સંદીપભાઇ મહેતા, તલાટી મંત્રીઓ અને વિવિધ શાખાઓના અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નસકોરા બોલાવવાની બીમારી હોય તો તમને દર મહિને ૭૮ હજાર રૂપિયા મળી શકે



ઘરમાં જો નસકોરા બોલાવવાની કોઈને આદત હોય તો તેની બાજુમાં સૂઈ જવું મુશ્કેલ બની જતું હોય છે. મુસાફરીમાં પણ કોઈ જો નસકોરા બોલાવતા નજરે ચડે તો હેરાનગતિ થતી જોવા મળે છે. પરંતુ શું તમે એવું સાંભળ્યું છે કે નસકોરા બોલાવશો તો પૈસા મળશે? સાંભળવામાં અજીબ લાગશે પરંતુ જો તમને નસકોરા બોલાવવાની બીમારી હોય તો તમને દર મહિને ૭૮ હજાર રૂપિયા મળી શકે છે.

આ સુવિધા બ્રિટનના ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેશન્સ (DWP) તરફથી ત્યાંના લોકોને આપવામાં આવી રહી છે. એવા લોકો જેમને ભયંકર નસકોરા બોલાવવાની સમસ્યા હોય. જેમાં નોકરીયાત લોકો પણ હોઈ શકે છે અને હા... આ જે પૈસા છે તે બિલકુલ ટેક્સ ફ્રી છે. સામાન્ય રીતે નસકોરાને એક નાનકડી સમસ્યા સમજીને અવગણવામાં આવે છે. તે ક્યારેક ક્યારેક સ્લીપ એપનિયા નામની વધુ ગંભીર સ્થિતિમાં પણ ફેરવાઈ જાય છે. જે તમારા જીવનની ગુણવત્તાને ઘણી પ્રભાવિત કરી શકે છે. દૈનિક જીવન પર તેના નકારાત્મક પ્રભાવને કારણે વિકલાંગતા તરીકે ઓળખવામાં પણ આવે છે. ખરાબ ઊંઘની ગુણવત્તાને કારણે વધુ થાકનો અનુભવ કરવો ઉપરાંત આ સ્થિતિ અનેક અન્ય સ્વાસ્થ્ય સમસ્યાને પેદા કરી શકે છે. આ સ્થિતિથી પીડિત લોકો માટે પાત્ર બની શકે છે. જો તમે લાગે કે નસકોરા તમારા જીવનની ગુણવત્તા પર ખરાબ અસર કરી શકે છે તો સારવાર કરાવવી જરૂરી છે. લિવરપૂલના ઈકોના રિપોર્ટ મુજબ સૌથી સામાન્ય પ્રકારને ઓબ્સ્ટ્રક્ટિવ સ્લીપ એપનિયા (OSA) કહેવાય છે. એનએચએસ સ્લીપ એપનિયાની સારવારના મહત્વ પર ભાર મૂકે છે. જો તમને લાંબા સમયથી શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય સ્થિતિ કે વિકલાંગતા હોય તો આ લાભ જિંદગીના વધતા ખર્ચોમાં મદદ કરી શકે છે. ડેઈલી સ્ટારના જણાવ્યાં મુજબ એ યાદ રાખવું જરૂરી છે કે પીઆઈપી ત્યારે પણ ઉલપ્ધ છે જ્યારે તમે કામ કરતા હોવ, તમારી પાસે બચત હોય કે બીજા અન્ય લાભ મેળવતા હોવ. પીઆઈપી પર કોઈ પણ પ્રકારનો ટેક્સ લાગતો નથી અને તમને મળનારી રકમ તમારી આવક કે બચતથી પ્રભાવિત થતી નથી.

# લોઢવા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ સંપન્ન



**(જાદવ ભોળા દ્વારા)**

લોઢવા,તા.૨૭

ડેપ્યુટી કલેકટર ભૂમિકા આર. વાટલિયા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪/૨૫ પ્રસંગે લોઢવા પે.સે. અને લોઢવા કન્યા શાળામાં ઊપસ્થિત રહ્યા. આ તકે પોતાના વક્તવ્યમાં બાળકોને જીવન ઉપયોગી માર્ગદર્શન આપ્યું. અને બંને શાળામાં વર્ગ શિક્ષણ અને શાળાની વિવિધ કાર્ય પ્રણાલીથી વાકેફ થયા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ગીર સોમનાથ સદસ્ય જયાબેન ભોળા, સી. આર.સી. કો. કે.આર.વાઢેર, બંને શાળાના આચાર્ય ગામના આગેવાનો અને બહોળી સંખ્યામાં વાલીગણ ઊપસ્થિત રહી અને કાર્યક્રમને શોભાવ્યો.

# એસ્ટેટ સમિતિના વર્ગ-૪ના કર્મચારી રાજ ધામેલીયાનો આજે જન્મદિવસ



રાજકોટ: રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની એસ્ટેટ સમિતિના વર્ગ-૪ના કર્મચારી રાજ ધામેલીયાનો આજે જન્મદિવસ છે. રાજ ધામેલીયા વાણંદ સમાજમાં પ્રેસ મિડીયા સાથે સતત કાર્યરત છે. તેઓના પપ્પા સ્વ.મહેશભાઈ ધામેલીયા, મમ્મી સરોજબેન ધામેલીયા, બહેન જીલ્લા ભાજપ મહિલા મોરચો અને લોધીકા તાલુકાના મહિલા મોરચાના મંત્રી માધવીબેન પરસાણા, (જમાઇ) અંકિત કુમાર પરસાણા, ભાઇ અમિત ધામેલીયા તેઓના જન્મદિન શુભેચ્છકો ધામેલીયા પરિવાર મિત્રો તરફથી (૮૩૨૦૦ ૦૫૬૯૬) પર શુભેચ્છાનો વરસાદ વરસી રહ્યો છે.

# રાજકોટ નાગરિક બેંકના સીઈઓ સહીતનાઓએ કરેલા ફ્રોડ અંગે મોટા ધડાકાઓ-દસ્તાવેજી પુરાવાઓ જાહેર થયા: વિબોધ દોશી

# ગુજરાત હાઈકોર્ટમાં વ્હીસલ બ્લોઅર વિબોધ દોશીની આરબીઆઈ દ્વારા ફ્રોડનો રીપોર્ટ રજુ રાખવા પીટીશન થઇ



## નાગરીક બેંકના બની બેઠેલા કાયમી સુપર ચેરમેન જ્યોતિન્દ્ર મહેતા (મામા) ખાનગી પેઢીની જેમ બેંકને ચલાવે છે : વિબોધ દોશી



## ૬૦ લોન ખાતાઓમા કરોડો રૂપિયાના ગંભીર ફ્રોડ થયા છતા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ જવાબદારોની સામે પગલા લેવાની બદલે તેમને આશરો આપે છે : વિબોધ દોશી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૭

આગામી દિવસોમાં સહકારી બેન્કીંગ ક્ષેત્રે મોટી નવાજુનીના એંધાણ દર્શાય રહ્યા છે. છેલ્લા ૨૦ મહીનાથી પોતાની નોકરીને દાવ પર લગાડનાર તેમજ જેમને સુપ્રિમ કોર્ટે પણ વ્હીસલ બ્લોઅર કીધા છે તેવા નાગરિક બેંકના ગેરકાયદેસર રીતે ટર્મીનેટ થયેલા સ્લીપેજ રીકવરીના મેનેજર વિબોધ દોશીએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરેલ છે. રાજકોટ નાગરિક બેંકની મુંબઈમાં આવેલી કાલબાદેવી બ્રાંચના ૨૫ ફ્રોડ લોન ખાતાઓ તેમજ જુનાગઢ બ્રાંચના ૩૫ ફ્રોડ લોન ખાતાઓ અંગે પોતાની નોકરીની ફરજના ભાગરૂપે અને માતૃ સંસ્થા પ્રત્યેની અડગ નિષ્ઠા દર્શાવીને વિબોધ દોશી બેંકમાં અપાયેલી ૬૦ ફ્રોડ લોન કે જે પબ્લીક મનીના કરોડો રૂપિયા ખોટા થઈ ગયા છે તેની સામે વ્હીસલ બ્લોઅર તરીકે સંઘર્ષ કરી રહ્યા છે.

જુની અને જાણીતી વિશ્વસનીય એવી રાજકોટ નાગરિક સહકારી બેંકના સાત દાયકાના ઈતિહાસમાં અભુતપુર્વ ફ્રોડ લોન સ્કેમ બહાર લાવનાર દોશીને બીરદાવવાની બદલે આ કૌભાંડમાં સીઈઓ સહીતના મોટા માથાઓ સંડોવાયેલા હોવાથી તેઓને ગેરકાયદેસર રીતે ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૩ ના સીધા જ ટર્મીનેટ કરી દેવામાં આવેલ. જેની સામે મનાઈહુકમ મેળવવા દોશી ગુજરાત હાઈકોર્ટમાં ગયેલ અને સ્ટે મેળવેલ પરંતુ બાદમાં ડીવીઝન બેંચે સ્ટે કાઢી નાખેલ. આથી વિબોધ દોશી સુપ્રિમ કોર્ટમાં ગયેલ અને ત્યાંથી સ્ટે મેળવીને બેંકમાં ચાર મહીના નોકરી કરવામાં સફળ થયેલ. બેંક દ્વારા અનેક નામાંકિત વકીલો બાદ છેલ્લે દેશના પ્રથમ ક્રમાંકિત એડવોકેટ હરીષ સાલ્વેને દોશી સામે રોકેલ, પબ્લીક મનીના લાખો રૂપિયાની ફી સ્વભાવિક રીતે બેંક શ્રી સાલ્વેને એટલા માટે ચુકવી કે આ લોનના ફ્રોડ જો સુપ્રિમમાં બહાર આવે તો બેંક મેનેજમેન્ટની મોટી હસ્તીઓને પણ જેલની સજા ભોગવવાનો વારો આવી શકે. તા.૨૨-૪-૨૦૨૪ ના સુપ્રિમ કોર્ટે ટર્મીનેશન સામેનો સ્ટે કાઢી નાખેલ પરંતુ વિબોધ દોશી વ્હીસલ બ્લોઅર છે તે સ્વીકારીને ગુજરાત હાઈકોર્ટને ઓગસ્ટ અંત સુધીમાં આ અંગેનો હુકમ કરવા સ્પષ્ટ રીતે આગ્રહપુર્વક જણાવેલ છે. હાઈકોર્ટમાં આ મેટર ચાલી રહી છે તે દરમ્યાન દોશીએ વધુ એક પીટીશન દાખલ કરીને નાગરિક બેંકના ફ્રોડ લોન કૌભાંડ અંગે રીઝવ બેંક ઓફ ઈન્ડીયા ઉંડી તપાસ કરીને સત્ય શોધક રીપોર્ટ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરે તેવી દાદ માંગેલ છે. લોનો ફ્રોડ હોવાના સીલસીલાબંધ દસ્તાવેજી આધાર પુરાવાઓ પણ પીટીશન સાથે જોડવામાં આવેલ છે. આ ૩૧ મી મેં એ વયમર્યાદાના કારણે દોશી બેંકમાંથી નિવૃત્ત થઈ ગયા છે. પરંતુ તેમનો સત્ય માટેનો સંઘર્ષ ચાલે છે અને ચાલતો જ રહેશે.

આ દરમ્યાન આરએસએસ અને જનસંઘ-ભાજપના જુના જોગીઓ તેમજ બેંકના નિવૃત અધિકારી અગ્રણીઓએ પણ આ લડતમાં ઝંપલાવ્યુ છે. નાગરિક બેંક બચાવો સંઘની સ્થાપના ચંદુભા પરમાર, શરદભાઈ વોરા, બાલુભાઈ શેઠ વિગેરે અનેક નિઃસ્વાર્થી આગેવાનો મારફત થયેલ છે તેમાં મહામંત્રી તરીકેની મહત્વની જવાબદારી દોશીને સોંપવામાં આવેલ છે. કાલબાદેવી લાંચ મારફત મુંબઈથી ૧૧૦ કી.મી દૂર બ્રાંચના કાર્યક્ષેત્રની બહાર રાઈગઢ જિલ્લાના અલીબાગ તાલુકાના એક ગામડાના સર્વે નંબરમાં આધુરા બાંધકામ વાળી મીલ્કત સામે રૂપિયા એંસી લાખની ફ્રોડ લોન સને-૨૦૨૦ માં અપાયેલી છે. માત્ર ૮૦ ચો.મી. પર સાવ અધુરૂ બાંધકામ આજે પણ છે અને ત્યાં લાઈટ, પાણી, ડ્રેનેજ કે રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. ત્યાં મકાન ખરીદીની લોન આપવામાં આવેલ છે. અતિ અગત્યની અને ચોંકાવનારી હકીકત એ છે કે આ લોન બેંકના સીઈઓ અને જનરલ મેનેજર વિનોદ કુમાર શર્મા અને ડેપ્યુટી જીએમ રજનીકાંત રાયચુરા દ્વારા મંજુર કરેલ છે. બેંકના આ લોન ખાતામાં બાકી લેણી રકમ આજે આશરે નેવુ લાખ જેટલી છે છતાં કોઈ કોઈપણ નીચી રકમના ટેન્ડર ભરવા સામે આવ્યુ નથી. બેંકે આપેલ લોનની રકમ કરતા પણ ખૂબ નીચા ભાવે ઘણા મહીનાઓ પહેલા ટેન્ડર બહાર પાડયા છે પરંતુ મીલ્કતની માર્કેટ વેલ્યુ રૂપિયા વીસ લાખ આસપાસ પણ નથી અને આજુબાજુ દૂર દૂર પણ માનવ વસાહત નથી જેથી મીલ્કત ખરીદનારા મળતા જ નથી. લોન આપતા સમયે બેંકે જ વેલ્યુઅર પાસે ગેરકાયદેસર રીતે ઘણી મોટી કિંમતના વેલ્યુએશન રિપોર્ટ મેળવેલા, દસ્તાવેજ થયા વગર માત્ર સાટાખતના આધારે લોની પાસે મિલ્કત મોર્ગેજ કરાવી લીધેલ જે મોર્ગેજ લીગલ ટાઈટલ તરીકે ટકી શકે તેમ જ નથી. જેથી બેંકે નામ પુરતો મીલ્કતનો જે કબજો લીધેલ તે પણ હાલમાં વેચનાર બીલ્ડર્સ પાછો મેળવી લીધેલ છે. મીલ્કત ખરીદનાર એટલે કે લોની સંપુર્ણ બીનામી છે અને બેંકના આ રૂા. એંસી લાખની રકમ વેચનાર બીલ્ડર્સ અને અન્ય એક અનેક કૌભાંડો કરનાર મુખ્ય સુત્રધાર હજમ કરી ગયા છે. તદુપરાંત કાલબાદેવીની ૨૩ ફ્રોડ લોનો પણ કે જે દરેક લોન સરેરાશ રૂ.૨૫,૦૦,૦૦૦ ની હશે તેમાં પણ બેંકને કરોડો રૂપિયાનું બુચ લાગી ગયેલ છે. મેલીમુરાદથી જ લોન અપાવેલ એટલે બેંકને મોટો ચુનો લાગી ગયો છે તે સ્વભાવિક છે. કાલબાદેવીની આ ૨૫ ફ્રોડ લોનને સમર્થન આપતો ઈન્વેસ્ટીગેશન રીપોર્ટ બેંકના ઉચ્ચ અધિકારી હેમાંગ ઢેબર તેમજ તુષાર મહેતા દ્વારા બેંકને અપાઈ ગયેલ છે તેમ છતા નાગરીક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા અગમ્ય કારણોસર તેને દબાવી દિધો છે, જે રીપોર્ટ દોશી પાસે છે અને તે હાઈકોર્ટમાં પણ રજૂ કરી દીધેલ છે.

જુનાગઢ બ્રાન્ચમાં પણ જુદા જુદા બીનામી લોકોના આધાર કાર્ડ, પાનકાર્ડ ભેગા કરીને તેમને સહીઓ કરવા માટે એકાદ લાખ જેવી સરેરાશ રકમ લાલચના હેતુથી વિપુલ ગચ્ચર પરિવાર દ્વારા આપેલી હતી. બેંકના આશરે રૂા. પાંચ કરોડ જેવી રકમ આ એક જ પરિવારે નાણાકીય હેરફેર કરીને મેળવી લીધાનું બેંકની કોમ્પ્યુટર સીસ્ટમના ડેટા જ સ્પષ્ટપણે આજે પણ દર્શાવે છે. આ લોનોમાં બેન્કીંગ નિયમો સાથે માત્ર બાંધછોડ નથી કરી પરંતુ નિયમોને બીલ્કુલ કોરાણે મુકી દીધેલ છે. આ અંગેનો જુનાગઢ બ્રાન્ચ મેનેજરનો ૩૫ લોન ખાતાનુ બ્લેક લીસ્ટ તેમજ અન્ય પુરાવામાં પણ દોશી પાસે ઉપલબ્ધ છે.

નાગરિક બેંકનો બીઝનેશ હાથમાં રૂા. દસ હજાર કરોડથી વધુ છે ત્યારે તેના સુપ્રિમો અને સુકાની એવા સીઈઓ જ જયારે ફ્રોડ લોન આપે તેમજ અપાવેલી અન્ય ફ્રોડ લોનને સંપૂર્ણપણે નકારી કાઢે ત્યારે બેંકના દસ લાખથી વધુ થાપણદારો, સભાસદો, ગ્રાહકો વિગેરેની પરસેવાની કમાણીનું ભવિષ્ય શું ??! એની ગંભીર ચિંતા સાથે ચંદુભા પરમાર, વિબોધ દોશી, શરદ વોરા, બાલુભાઈ શેઠ સહીતના અગ્રણીઓ મેદાને પડયા છે. બેંકના વર્તમાન ડીરેકટરો અને ચેરમેન કોઈ અગમ્ય અને ભેદી કારણોસર શર્માના તાબામાં છે અને શર્મા મેનેજમેન્ટને બ્લેકમેઈલ કરતા હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

રીઝર્વ બેંક હજુ તપાસ કરી રહી છે તે પહેલા બેંકના ચેરમેને રીઝર્વ બેંકે કલીનચીટ આપી દીધા હોવાનું જાહેર કર્યું છે. નાગરિક બેંક બચાવો સંઘ દ્વારા કલીનચીટ આપ્યા અંગેના આધાર પુરાવાઓ જાહેર કરવાની ચેલેન્જ આપતા ચેરમેન અને મેનેજમેન્ટે ભેદી મૌન સેવી લીધુ છે. તેવો આક્ષેપ કર્યો છે.

બેંક બચાવો ગ્રંથના અગ્રણીઓને શર્માએ ચોર કોટવાલને દંડે એ કહેવત સાચી પાડીને બદનક્ષીની ૨૫ દિવસ પહેલા નોટીસ આપેલ છે જેનો સણસણતો જવાબ પણ અપાઈ ગયો છે. પોતે આર્થિક અપરાધી હોવાથી બદનક્ષી અંગેની ફરીયાદ હજુ સુધી કોર્ટમાં દાખલ કરેલ નથી.

નાગરીક બેંકના બની બેઠેલા કાયમી સુપર ચેરમેન જ્યોતિન્દ્ર મહેતા (મામા) ખાનગી પેઢીની જેમ બેંકને ચલાવે છે. તેવો આક્ષેપ કર્યો છે. મહેતા (મામા) બેંકના ખર્ચે પોતાની રાષ્ટ્રીય સહકારી નેતાની ઈમેજ બનાવવા અનેક વર્ષોથી કાર્યરત છે તે જગજાહેર છે. તેઓના દુરાગ્રહથી બોર્ડ ઓફ ડિરેકટર્સ બેંકના કોંભાડયાઓ સામે કોઈ કાર્યવાહી કરતા નથી અને ઉલ્ટાનું જવાબદારોને છાવરે છે. તે બેંકની શાખ, લાખો લોકોનો બેંક પ્રત્યેનો વિશ્વાસ તેમજ બેંકના આર્થિક ભવિષ્યને વિપરીત અસર કરનારી સાબિત થઈ રહી છે. બેંકના પૂર્વ ડિરેકટર અને હાલના રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ડિરેકટર સતિષ મરાઠે (મુંબઈ)ની વગનો ઉપયોગ કરી જયોતિન્દ્ર મહેતા રીઝર્વ બેંકમાં પોતાની મનમાની કરાવી રહ્યાની આધારભૂત માહિતી નાગરીક બેંક બચાવો સંઘને મળી છે. સંઘના મહામંત્રી વિબોધ દોશીએ અંતમાં જણાવ્યું છે કે, લોન ફ્રોડ અંગેના તમામ દસ્તાવેજી આધાર પુરાવાઓ સંઘ પાસે ઉપલબ્ધ છે. સંઘના અગ્રણીઓએ બેંક મેનેજમેન્ટને આ તમામ ફ્રોડ અંગે જાહેર ચર્ચા કરવા કે સંયુક્ત પત્રકાર પરીષદ કરવા સ્પષ્ટ ચેલેન્જ-પડકાર પણ ફેંક્યો છે.

# રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા: આજથી ટિકિટોનું બુકિંગ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૭

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા (વિશેષ ભાડા પર) લંબાવવામાં આવ્યા છે. વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં વીકલી સ્પેશિયલ, જે અગાઉ ૦૧ જુલાઈ, સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૩૦ સપ્ટેમ્બર, સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, રિટર્નમાં, ટ્રેન નંબર ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ ૩૦ જૂન, સુધી સૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૯ સપ્ટેમ્બર, સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૫૦૪૬ ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૨૭ જૂનથી તમામ **PRS** કાઉન્ટર્સ અને **IRCTC** વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને પરિચાલન અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૭

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ત્રિદિવસીય કાર્યક્રમના પ્રથમ દિવસે રૂટ નં. ૧ થી ૧૧ માં શહેરની વિવિધ શાળાઓ જેવી કે શાળા નં. ૩૨,૧૩,૧૪, ૩૩,૧૭, ૬૮,૪૦,૬૬,૨૯,૭૬,૮૯, ૯૧,૫૬, ૫૯,૪૮,૧૬,૮,૧૧,૧,૪,૮૫,૫૨, ૨૦B, ૬૧, ૪૯B, ૮૮, (SRP કેમ્પ) ઘંટેશ્વર પ્રાથમિક શાળા, માધાપર તાલુકા શાળા, મનહરપુર-૧ પ્રા. શાળા, મોટા મૌવા તાલુકા શાળા, રશુલપરા પ્રા. શાળા, શક્તિનગર પ્રા. શાળા. શિક્ષણ સમિતિની કુલ : ૩૩ અને શહેરની અન્ય માધ્યમિક શાળાઓ સાથે જોડાયેલ. શાળાઓમાં આનંદ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં બાલવાટીકામાં ૯૩૦ ભૂલકાઓ, ધો. ૧, ના ૨૯૦ કુમાર અને ૨૯૧ કન્યાઓ મળી કુલ ૫૮૧ બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો. આંગણવાડીમાં ૩૪૮ કુમાર અને ૩૧૭ કન્યાઓ મળી કુલ ૬૬૫ બાળદેવો ને પ્રવેશ કરાવવામાં આવ્યો. તેમજ સાથો સાથ ૫ (પાંચ) કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવેલ.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, વાઈસ ચેરમેન ડો. પ્રવીણકુમાર નિમાવત, તથા શિક્ષણ સમિતિના સંગીતાબેન છાયા, વિરમભાઈ સાંભડ, સુરેશભાઈ રાઘવાણી, જગદીશભાઈ ભોજાણી, વિક્રમસિંહ જાડેજા, જાગૃતિબેન ભાણવડીયા, રસિકભાઈ બદ્રકીયા, મનસુખભાઈ વેકરીયા, અજયભાઈ પરમાર, ઈશ્વરભાઈ જીતીયા, હિતેષભાઈ રાવલ, જયદીપભાઈ જલુ, રાજેશભાઈ માંડલિયા, સદસ્ય ન.પ્રા.શિ.સમિતિ-રાજકોટના જણાવ્યા મુજબ આ વર્ષના પ્રવેશોત્સવ દરમિયાન શહેરના વાલીઓમા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં અભ્યાસ કરાવવા માટે આકર્ષિત થયા છે. આજે રૂટ નં. ૧ થી ૧૧ માં શાળા નં. ૧૦૦, ૪૩, ૭૭, ૪૬, ૬૭, ૯૭, ૭૧, ૮૯બી, ૮૦, ૭૩, ૭૦, ૭૪, ૬૦, ૨૬, ૯૦, ૮૮એ, ૬૯, ૮૧એ, ૪૭, ૫૭, ૨૮, ૯૮, ૪૪, ૮૭, ૯૩, ૮૪, શ્રી કોઠારીયા સ્ટે. પ્રા. શાળા, નારાયણનગર કન્યા પ્રા. શાળા, નારાયણનગર કુમાર પ્રા. શાળા, શ્રી તિરુપતિ પ્રા. શાળા, જયભારત પ્રા. શાળા, વાવડી પ્રા. શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવશે.










# સમસ્ત સોની સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૭

સમસ્ત સોની સમાજ માટે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરી સમાજમાં આગવી ઓળખ સ્થાપિત કરનાર સમસ્ત સોની સેના-રાજકોટ દ્વારા હાલ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થનાર હોય સમસ્ત સોની સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડા વિતરણનું આયોજન કરાયું છે.

સમસ્ત સોની સેના રાજકોટ દ્વારા શિક્ષણ સેવાના ભાગરૂપે તા,૨૭ને ગુરુવારથી સવારે ૧૦ વાગ્યાથી શ્રી મારૂતિનંદન કોમ્પ્લેક્ષ,૪૯ પ્રહલાદ પ્લોટ કોર્નર આશાપુરા મેઈન રોડ ખાતેથી ચોપડા વિતરણ રાખેલ છે ૧૭૨ પેઈઝના એ ફોર સાઈઝના દિલકશ ચોપડાનું વિતરણ વહેલો તે પહેલાના ધોરણે કરવામાં આવશે, આ ચોપડા વિતરણનો લાભ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ છેલ્લી ઓરીજનલ માર્કશીટ ફરિજયાત લઈને આવવાનું રહેશે. સમસ્ત સોની સમાજના વિદ્યાર્થીઓ માટે આયોજિત ચોપડા વિતરણમાં વિદ્યાર્થીઓને ૨૩૦ રૂપિયામાં ૧૦ નંગચોપડા આપવામાં આવશે, વધુ વિગત માટે કન્વીનર વિવેક બારભાયા (૭૯૮૪૦ ૦૫૭૯૦) કીર્તિભાઇ પાટડીયા (૯૧૫૭૮ ૩૭૪૯૯) પ્રકાશભાઈ ઝીંઝુવાડિયા (૭૫૬૭૧૫૩૧૯૬) અથવા જલ્પેશભાઈ લાઠીગરા (૯૮૩૪૦ ૭૭૧૬૩) નો સંપર્ક સાધી શકાય છે.

## અવસાન નોંધ

રાજકોટઃ અશોકભાઈ લાભશંકરભાઈ ઠાકરના અ.સૌ. પત્ની ગુણવંતીબેન અશોકભાઈ ઠાકર (રાવલ) તે રાજકોટ નિવાસી ધવલ અશોકભાઈ ઠાકરના માતાનુ તા.૨૬-૬ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. પ્રાણશંકર મેઘજીભાઈ રાવલના પુત્રી ગુણવંતીબેનનું બેસણું તા.૨૯-૬ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૫ કલાકે તેમના નિવાસ સ્થાનની સામે ચિત્રકુટેશ્વર મહાદેવ મંદિર, ચિત્રકુટ ધામ, કિસ્ટલ મોલની પાછળ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને કરાઈ લેખિત રજુઆત

## બાબરા અને કુંકાવાવ તાલુકામાંથી પસાર થતી પાલાવો નદી પર ફુલજર પાસે ડેમ બાંધવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડની માંગ

**(કિરીટ જોટવા દ્વારા)**
વડિયા,તા.૨૭



ભારત જેવા કૃષિ આધારિત દેશમાં ગુજરાત ખેતીમાં અગ્રેસર માનવામાં આવે છે ત્યારે અમરેલી જેવા ઉધોગો વિહોણા ખેતી આધારિત જિલ્લા માં ખેતીની સમૃદ્ધિ માટે ખેડ, ખાતર અને પાણી ખુબ મહત્વનુ ગણાય છે ત્યારે બારે માસ સિંચાઈની સુવિધાઓ ઉભી કરવા માટે અમરેલી જિલ્લાના બાબરા અને વડિયા કુંકાવાવ તાલુકામાંથી પસાર થતી પાલાવો નદી પર વડિયા કુંકાવાવના દેવગામ, રાંદલ દડવા અને બાબરા તાલુકાના ફુલજર ગામ વચ્ચે ડેમ બનાવવા માટે અગાવ સર્વે થયેલો હતો. ત્યારે આ ગ્રામીણ વિસ્તારના પ્રવાસ દરમ્યાન પૂર્વ કેબિનેટ મંત્રી એવા ખેડૂત નેતા બાવકુ ઊંધાડને ખેડૂતો દ્વારા આ બાબતે રજુઆત કરવામાં આવતા તેમના દ્વારા કેન્દ્રીય જળ સંપત્તિ મંત્રી સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સિંચાઈ મંત્રી કુંવરજી બાવળીયાને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે. પૂર્વ કેબિનેટ મંત્રીની આ ખેડૂત હિતની રજુઆત પર કેન્દ્ર અને રાજ્ય સરકાર વિચારણા કરી તેનું અમલીકરણ કરવામાં આવે તો બાબરા, વડિયા કુંકાવાવ, અને ગોંડલ વિસ્તારના ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે સાથે આ વિસ્તારમાં વરસાદ આધારિત ખેતી હોવાથી બારેમાસ ખેતીના ત્રણ પાક લઇ શકાય અને પછાત ગણાતા આ વિસ્તારને નંદનવન બનાવી શકાય ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા પાલાવો નદી પર સિંચાઈ માટેનો ડેમ બને તે માટે રજુઆત કરાઈ છે.

CIN :- U24311GJ2019PLC108862
Build...Your Ideal World
VISAMAN Global Sales Ltd.
VISAMAN GLOBAL SALES LIMITED
Deals In : Structural Steel Solution
Manufacturing Unit Coming Soon...
THANK YOU INDIA
THANK YOU INVESTORS
- IPO Size:-16.05 Cr
- Applications Received :-607.36 Cr
For Over Subscriptions by 37.85 Times
www.visamanglobalsales.com

# ભુર્ગભ ગટરના પાણી ઉભરાય તો અધિકારીને પત્ર લખવાનો?

### શહેર ભાજપ પ્રમુખની સૂચનાથી કોર્પોરેટરોમાં નારાજગી હોવાની ચર્ચા

રાજકોટ, તા.૨૭

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ ભાજપના કોર્પોરેટરોને પત્ર આપ્યો છે. જેમાં લખ્યું છે કે, કોર્પોરેટરોએ અધિકારી કે કર્મચારીને ભલામણ કરવાની હોય તો લેખીતમાં કાગડ મોકલવો અને તેની એક નકલ તેમના રેકોર્ડ પર રાખવી જોઇએ. આ કારણે તેઓ કેટલી ભલામણ અને કયાં પ્રકારની ભલામણ કરી રહ્યા છે તેનો એક રેકર્ડ રહેશે. રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા જન પ્રતિનિધિ છો. પ્રજાના કામો માટે દરેક કોર્પોરેટરને મારૂ સૂચન છે કે, પ્રજાના કામો માટે તમારા લગત ઝોનમાં આવતા સીટી એન્જીનીયર અથવા લગત નાયબ મ્યુનિ. કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને કામ કરવાનો આગ્રહ રાખવો. જેથી કરીને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ પત્ર વ્યવહારની નોંધ રાજકોટ મહાનગરપાલિકામાં રહેશે અને તેની એક નકલ આપણી પાસે પણ રાખવી જેથી કરીને ભવિષ્યમાં રેકર્ડ ડેટાબેઇઝ તરીકે ઉપલબ્ધ રહેશે.

શહેર ભાજપ પ્રમુખે કોર્પોરેટરોને વ્યાજબી કામોની જાહેરહિતમાં અધિકારીઓને લેખીતમાં ભલામણ કરવા સૂચના અપાઇ છે. એવું ચર્ચાઇ રહ્યું છે કે, ભુર્ગભ ગટરના ઢાંકણા બદલવા, ભુર્ગભ ગટર છલકાઇ જવી, ચોમાસામાં પાણી ભરાઇ જવા, લાઇટ જતી રહેવી સહિતના કામોમાં શું અધિકારીઓને લેખીતમાં રજૂઆત કરવાની? અધિકારીનો જવાબ આવે પછી પ્રશ્નો ન ઉકેલાય ત્યાં સુધી રાહ જોવાની? શહેર ભાજપ પ્રમુખની સૂચનાથી કોર્પોરેટરમાં નારાજગી હોવાનું ચર્ચાઇ રહ્યું છે.



મુકેશ દોશી
અધ્યક્ષ,
ભારતીય જનતા પાર્ટી
રાજકોટ મહાનગર

પ્રતિ
કોર્પોરેટરશ્રી

નમસ્કાર,

વંદે માતરમ્ સાથ જણાવવાનું કે આપશ્રી રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા જનપ્રતિનિધિ છો. પ્રજાના કામો માટે દરેક કોર્પોરેટરશ્રીઓને મારૂ નમ્ર સૂચન છે કે, પ્રજાના કામો માટે તમારા લગત ઝોનમાં આવતા સીટી એન્જીનીયરશ્રી અથવા લગત નાયબ મ્યુનિ. કમિશનરશ્રી અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રીને પત્ર લખીને કામ કરાવવાનો આગ્રહ રાખવો. જેથી કરીને ચુંટાયેલા જનપ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ પત્રવ્યવહારની નોંધ રાજકોટ મહાનગરપાલિકામાં રહેશે અને તેની એક નકલ આપણી પાસે પણ રાખવી. જેથી કરીને ભવિષ્યમાં રેકર્ડ ડેટાબેઝ તરીકે ઉપલબ્ધ રહેશે.

(મુકેશભાઇ દોશી)

કાર્યાલય : "કમલમ", શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭. ગુજરાત, ઈન્ડીયા. email : rajkotbjp@gmail.com
નિવાસસ્થાન : 'મા' ૨/૮, સિલ્વર સ્ટોન સોસાયટી, મારવાડી બિલ્ડીંગ પાછળ, જલીયાણ બંગલા સામે, નાનામવા મેઇન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૭. મો. ૯૮૨૫૦ ૭૭૭૨૫ email : bjpmukeshdoshi@gmail.com

# રાજકોટ સહિતના જુદા-જુદા જિલ્લાના ડેમોમાં પાણીની આવક

### સૌરાષ્ટ્રના ૧૬ ડેમોમાં ૦.૫ થી ૧૩ ફૂટ નવા નીર ઠલવાયા

રાજકોટ, તા.૨૭

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસુ બરોબરનું જામી ગયુ છે અને સર્વત્ર છેલ્લા કેટલાક દિવસોથી સારો એવો વરસાદ પડી રહ્યો છે. વરસાદની સાથોસાથ સૌરાષ્ટ્રના રાજકોટ સહિતના જુદા-જુદા જીલ્લાના ડેમોમાં પણ નવા નીરની નોંધપાત્ર આવક થઈ રહી છે.

ગઈકાલે જ રાજકોટ ઉપરાંત મોરબી, જામનગર અને સુરેન્દ્રનગર જીલ્લામાં પડેલા સારા વરસાદને પગલે કુલ ૧૬ ડેમોમાં ૦.૫ થી ૧૩ ફુટ જેવા નવા નીરની નોંધપાત્ર આવક થવા પામી છે. રાજકોટ જીલ્લાના ચાર ડેમોમાં મોરબી જીલ્લાના ત્રણ ડેમોમાં જામનગર જીલ્લાના સાત ડેમોમાં અને સુરેન્દ્રનગર જીલ્લાના બે ડેમોમાં નવા પાણીની આવક થવા પામી હતી.

દરમ્યાન રાજકોટ સિંચાઈ વિભાગના ફલડ સેલના જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લાના મોજ, ફોફળ, આજી-૧ અને ન્યારી-૨ ડેમમાં નવા પાણીની આવક થવા પામી છે. સૌથી વધુ ફોફળ ડેમમાં ૭.૨૮ ફુટ અને મોજ ડેમમાં પાંચ ફુટ નવુ પાણી છેલ્લા ૨૪ કલાકમાં ઠલવાયુ હતું. આ ઉપરાંત આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ અને ન્યારી-૨ ડેમમાં ০૫ ફુટ નવુ પાણી આવેલ હતું.



આ ઉપરાંત મોરબી જીલ્લાના મચ્છુ-૨, ઘોડાધ્રોઈ અને બ્રાહ્મણી-૨ ડેમમાં પણ નવા પાણીની આવક થવા પામી હતી. ખાસ કરીને મચ્છુ-૨ ડેમમાં ০૫ ફુટ, ઘોડાધ્રોઈ ડેમમાં પોણો ફુટ અને બ્રાહ્મણી-૨ ડેમમાં પોણો ફુટ નવા પાણીની આવક થઈ હતી તેમજ જામનગર જીલ્લાના ફુલઝર-૧, ફોફળ-૨, ઉંડ-૩, વાડીસંગ, ફુલઝર(કોબા), ઉમિયાસાગર અને સસોઈ-૨ ડેમમાં નવા પાણીની આવક થવા પામી હતી.

ફલડ સેલ અનુસાર ફોફળ-૨ ડેમમાં સૌથી વધુ ૧૩.૨૫ ફુટ નવુ પાણી છેલ્લા ૨૪ કલાકમાં ઠલવાયુ હતું. આ ઉપરાંત ફુલઝર-૧માં ૦.૩૩, ઉંડ-૩માં ૬.૮૯, વાડીસંગમાં ૪.૫૦, ફુલઝર(કોબા)માં ૪.૧૦, ઉમિયાસાગરમાં ૧ અને સસોઈ-૨ ડેમમાં ૧૨.૬૩ ફુટ નવુ પાણી આવવા પામ્યું હતું. જયારે સુરેન્દ્રનગર લીંબડી ભોગાવો-૨(વડોદ) ડેમમાં ૦.૧૬ ફુટ નવા પાણીની આવક થવા પામી હતી.

# સિંચાઇ વિભાગ દ્વારા ગરીબ પાથરણાંવાળાઓને લેન્ડ ગ્રેબિંગની નોટીસ ફટકારાઇ!



તસવીરઃ દિલીપ ગોહેલ



### ખેતમજૂરોને સરકારે જમીનોની ફાળવણી કરી ખેડૂત બનાવ્યા, ૨૫ એકર જમીનોમાં માથાભારે લોકોનું દબાણની ખેડૂતોની રજૂઆત બાદ કાર્યવાહી કરાઇ નથીઃ જીજ્ઞેશ મેવાણી

રાજકોટ, તા.૨૭

વડગામ-૧૧ના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજકોટ મ્યુનસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા ટિપ્પર વાહનના ડ્રાઈવર અને સંલગ્ન સ્ટાફને લઘુતમ વેતન ચૂકવવામાં આવતું નથી, પગાર સ્લીપ આપવામાં આવતી નથી અને અન્ય શ્રમ કાયદાનું ઉલ્લંઘન કરી એમનું અપરંપાર શોષણ કરવામાં આવે છે. આ શ્રમિકો આપણા રાજકોટને ઉજળું રાખે છે, સ્વચ્છ રાખે છે. એમના શ્રમ બદલ, એમની મહેનતને બિરદાવવાને બદલે તેમનું ભયંકર શોષણ કરવામાં આવી રહ્યું છે. અમો માંગણી કરીએ છીએ કે, એમને નિયમાનુસાર લઘુત્તમ વેતન ચૂકવાય, પગાર સ્લીપ મળે, એમની પી.એફ. જમાં થાય એ માટે શ્રમ વિભાગને અને મ્યુનિ.કોર્પોરેશને જરૂરી નિર્દેશો આપશો.

આજ પ્રમાણે રાજકોટ શહેરના સેંકડો પાથરણાંવાળા, રેંકડીવાળા જેઓ રવિવારી બજાર ભરતાં હોય છે. જેમનો શહેરની ઈકોનોમિક એક્ટિવિટીમાં મહત્વનો રોલ હોવાનું આ દેશની સંસદમાં પારીત થયેલા સ્ટ્રીટ વેન્ડર્શ એક્ટમાં નોંધવામાં આવ્યું છે તેઓને સિંચાઈ વિભાગ દ્વારા ત્યાંથી ખસેડી દેવાની અને આ ગરીબ પાથરણાવાળાઓને લેન્ડ ગ્રેબિંગ કરવાની નોટિસો ફટકારવામાં આવી છે, જેની નકલ આ સાથે સામેલ છે. તો, આ સંદર્ભે લેન્ડ ગ્રેબિંગની કોઈ કાર્યવાહી આવા રોજ કમાઈને રોજ ખાનારા ગરીબો ઉપર ન કરવામાં આવે અને તેઓ ને જ્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં ના આવે ત્યાં સુધી એ સ્થળે થી દૂર પણ કરવામાં ના આવે એ સુનિશ્ચિત કરશો.

વધુમાં જણાવવાનું કે, રાજકોટ ગ્રામ્ય આવતા તાલુકાના ગામના ખેતમજૂરોને સરકારે ૧૯૭૧ની આસપાસ જમીનોની ફાળવણી કરી ખેડૂત બનાવ્યા હતા, પરંતુ આ ૨૫ એકર જમીનોમાં માથાભારે લોકોનું દબાણ છે અને એ બાબતની અરજદાર ખેડુતોની પરિવારની રજૂઆતો બાદ પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. એટલે સુધી કે આપની કક્ષાએથી અને સંબંધિત મામલતદારનાઓ દ્વારા પણ DILR ને આ બાબતે માપણી કરવા જણાવેલ છે (નકલ સામેલ છે) જેથી કબજો સોંપી જમીન લાભાર્થીઓને ખેડતા કરી શકાય. ઉલ્લેખનીય છે કે જે તંત્ર ગરીબ શ્રમિક પાથરણાં વાળા ઉપર લેન્ડ ગ્રેબિગ કરવા તૈયાર થયું છે એ જ તંત્ર એટલે કે આપની કચેરી આ ખેડૂતોની જનીનોમાં થયેલા દબાણો હટાવવા કેમ લેન્ડ ગ્રેબિગ કરવા માંગતી નથી એ એક સવાલ છે. આ ત્રણેય મુદ્દે અમો ધારાસભ્યના આ આવેદનપત્ર બાદ શું કામગીરી કરેલ છે એની અમોને દિન ૧૫માં જાણ કરશો અન્યથા આપની કચેરી બહાર ચોક્કસ મુદતના ધરણાં ઉપર બેસવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેશો.

# રાજ્યમાં પૂરની સ્થિતિને પહોંચી વળવા અલગ-અલગ જિલ્લામાં NDRFની ૮ ટીમો તૈનાત

### રાજકોટના જેતપુર તાલુકામાં સવા ઇંચ વરસાદઃ અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદની આગાહી





અમદાવાદ, તા.૨૭

મધ્ય ગુજરાતમાં સર્જાયેલા સાયક્લોનિક સર્કયુલેશનના પગલે રાજ્યમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ૧૦થી વધુ જિલ્લામાં આજે ભારે વરસાદ વરસી શકે છે. આજે પાટણ, અમરેલી તેમજ જૂનાગઢમાં વંથલીમાં વરસાદ વરસ્યો છે. ગઈકાલે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી હતી. સવારના ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૩૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ રાજકોટના જેતપુર તાલુકામાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ દરમિયાન ક્યાંક ભારે વરસાદની તો ક્યાંક હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે તંત્ર એલર્ટ થઇ ગયું છે અને ભારે વરસાદની સ્થિતિમાં પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યના અલગ-અલગ જિલ્લામાં ગઉછ્જ્ઞી ૮ ટીમો તૈનાત રાખવામાં આવી છે. અમદાવાદમાં ભારે પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે આજે અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૩૩ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધારે રાજકોટના જેતપુરમાં 30 MM, બોટાદમાં ૧૩ MM, માણાવદરમાં ૧૨ MM, રાણાવાવ, બગસરા અને બોટાદમાં ૧૦ MM વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત અન્ય તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો છે.

રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે અને આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને વરસે તેવી શક્યતા છે. જેને લઇને તંત્ર એલર્ટ થઇ ગયું છે અને ભારે વરસાદની સ્થિતિમાં પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ બની ગયું છે અને વડોદરાના જરોદ NDRFની ટીમોને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવી રહી છે. જેથી કોઈ પણ પરિસ્થિતિમાં રાહત કાર્ય થઈ શકે અને લોકોના જીવ ન જોખમાય.

રાજ્યમાં ભારે વરસાદની આગાહીને પગલે વડોદરાના જરોદ સ્થિત NDRFના હેડક્વાટર્સ ખાતેથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ટીમો મોકલવામાં આવી રહી છે. આજે વધુ ૧ ટીમ અમરેલી ખાતે મોકલાઈ છે. આ અગાઉ ૪ ટીમોને ગીર સોમનાથ, દ્વારકા, ભાવનગર અને નર્મદા જિલ્લામાં મોકલવામાં આવી છે. આ પહેલા વલસાડ, રાજકોટ અને કચ્છ જિલ્લામાં ૩ ટીમો મોકલવામાં આવી હતી. એટલે અત્યાર સુધીમાં રાજ્યના વિવિધ જિલ્લામાં ૮ ટીમો તૈનાત રાખવામાં આવી છે.

જૂનાગઢના વંથલીમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. સતત બીજા દિવસે વરસાદ શરૂ થયો છે. શહેરના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. વંથલીના પટેલ ચોક, બસ સ્ટેન્ડ વિસ્તાર સહિતમાં વરસાદ વરસ્યો છે. ગ્રામ્ય પંથકમાં પણ વરસાદ ખાબક્યો છે. જેથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે.

અમરેલી જિલ્લાના ધારી ગીર કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં આજે સવારથી વરસાદી માહોલ જામ્યો છે. ધારીના સરસિયા, ગોવિંદપુર, સુખપુર, દલખાણીયા, ફાસરિયા, ગીગાસણ, કાગસા સહિત આસપાસના ગામોમાં વરસાદ વરસ્યો છે. જેને પગલે રસ્તાઓ પર વરસાદી પાણી વહેતા થયા હતા.

આજે સવારે ૬ વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૮૪ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં મોરબીના ટંકારામાં સૌથી વધુ સવા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે કોડીનારમાં સવા ત્રણ ઈંચ વરસાદ, ગોંડલ અને જૂનાગઢમાં ત્રણ-ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અન્ય તાલુકામાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હતો.

આજે ગુરુવારે બનાસકાંઠા, નવસારી, વલસાડ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, દાદરા નગર હવેલી અને દમણમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.



# લિફ્ટ નીચે ચગદાઇ જતાં બાળકીનું કરૂણ મોત

### પંચાયત ચોક શિવશક્તિ રોડ પર હેવલોક એપાર્ટમેન્ટમાં અરેરાટી ઉપજાવતી ઘટનાઃ ત્રણ વર્ષની દીકરીના મોતથી ગમગીની



રાજકોટ તા. ૨૭

શહેરના પંચાયત ચોક નજીક શિવશક્તિ સોસાયટી રોડ પર આવેલા એક એપાર્ટમેન્ટના પાર્કિંગમાં અરેરાટીજનક ઘટનામાં બાળકીનું મોત થયું છે. અહિ પાંચેક મહિનાથી રહેતાં અને ચોકીદારી કરતાં નેપાળી દંપતિની ૩ વર્ષની દિકરી પાર્કિંગમાં રમતી હતી ત્યારે લિફ્ટનો દરવાજો કોઇપણ કારણોસર ખુલી જતાં લિફ્ટ ન હોઇ બાળકી તેમાં ગબડી પડી હતી. એ પછી ઉપરથી અચાનક લિફ્ટ આવતાં અંદર રહેલી આ બાળકી ચગદાઇ જતાં કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

જાણવા મળ્યા મુજબ પંચાયત ચોક નજીક હેવલોક એપાર્ટમેન્ટમાં રહેતાં બિમલ કાર્કીની દિકરી મરીના (ઉ.વ.૩) સવારે સાડા દસેક વાગ્યે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં રમતી હતી. રમતી રમતી તે લિફ્ટ પાસે ગઇ હતી. આ વખતે લિફ્ટ ઉપર હતી છતાં દરવાજો ખુલ્લો હતો, અથવા તો રમતા રમતાં બાળકીએ ખોલી નાંખ્યો હતો. બાદમાં અજાણ એવી આ બાળકી લિફ્ટના ગેપમાં પડી ગઇ હતી. એ દરમિયાન ઓચીંતી લિફ્ટ આવી જતાં તે ચગદાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. ચીસ સાંભળી લોકો દોડી આવ્યા હતાં.

પિતા બિમલ, માતા ક્રિષ્નાબેન સહિતના પણ પહોંચ્યા હતાં. લિફ્ટના એન્જિનીયરને બોલાવી બાળકીને બહાર કાઢવામાં આવી હતી. તેણીને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ અહિ તબિબે ટુંકી સારવારને અંતે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. મરીના માતા-પિતાની એકની એક દિકરી હતી. આ દંપતિ અહિ પાંચેક મહિનાથી રહે છે અને ચોકીદારી કરે છે. બનાવથી એપાર્ટમેન્ટના રહેવાસીઓમાં પણ ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચ અને ધર્મેન્દ્રભાઇ હુદડે યુનિવર્સિટી પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજકોટમાં આજે વરસાદની આગાહી



### સવારે ગાઢ વાદળો છવાયા બાદ રાત સુધી મેઘો વરસશે

રાજકોટ, તા.૨૭

રાજકોટ શહેરમાં એક સપ્તાહથી મેઘાવી માહોલ સર્જાયો છે. રવિવારે અને સોમવારે વરસાદ વરસ્યા બાદ મંગળવારે માત્ર વાદળો છવાયા હતા જેથી બફારો અનુભવાયો હતો. બુધવારે બપોર સુધી ધૂપછાંવનો માહોલ રહ્યા બાદ બપોર બાદ ઝાપટાં પડ્યા હતા અને દિવસ દરમિયાન ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો આ કારણે સાંજના સમયે ટાઢક પ્રસરી હતી. જોકે હવામાન વિભાગે ગુરૂવાર અને શુક્રવાર માટે ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાનને લગતા વિવિધ મોડેલ્સ મુજબ આજે બપોરે ૧૨ વાગ્યા આસપાસ વરસાદ શરૂ થશે જે સાંજ અથવા તો મોડી રાત સુધીમાં ક્યારેક એક ધારો તો ક્યારેક ઝાપટાંના રૂપમાં રહેશે. આવતીકાલે પણ આ ક્રમ રહેશે અને ત્યારબાદ વરસાદની તીવ્રતા ઓછી થતી જોવા મળશે. ૨ જુલાઈ સુધીમાં ક્યાંક ક્યાંક છૂટો છવાયો વરસાદ ચાલુ જ રહેશે. ત્યારબાદ જુલાઈના પ્રથમ ૧૦ દિવસમાં મુસળધાર વરસાદ પડશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.